॥હરિઃૐ॥

# શ્રીમોટાવાણી

## ૧૩-૧૪



પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૧૩

## તા. ૧-૪-૧૯૭૦ના દિને
## પ્રો. શ્રી એ. જી. ભટ્ટ સાહેબ (અમદાવાદ)ને ત્યાં
## નિમિત્ત વિશેની પૂ. શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

### નમ્ર વિનંતી (પહેલી આવૃત્તિ)
### સત (સંત) સાહિત્યના પ્રચારકો—ચાહકોને

સત (સંત) સાહિત્યના પ્રચારકો—ચાહકો પૂજ્ય શ્રીમોટાની આ વાણીને પોતપોતાને ખર્ચે છપાવીને ખ્રિસ્તી પાદરીઓ ભગવાન ઈશુ ખ્રિસ્તનો સંદેશો ઘરે ઘરે પહોંચાડે છે અને 'કર્મનો સિદ્ધાંત' પુસ્તક છપાવીને ઘણા સજ્જનો ઘરે ઘરે પહોંચાડે છે, એ રીતે ઘરે ઘરે પહોંચાડે તે જ આ પુસ્તકની યોગ્ય કિંમત છે.

**લિ. દાતા-સજ્જન**
**(U.S.A.)**

સંપાદક :
**શ્રી રજનીભાઈ બર્માવાળા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

॥ હરિઃૐ ॥

પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ (સ્થાપના વર્ષ-૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
E-mail : hariommota1@gmail.com
website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત – નડિયાદ

આવૃત્તિ :

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૨૦૦૦ |

પૃષ્ઠ : ૭૬

વેચાણ કિંમત : રૂ. ૧૦/-

પ્રાપ્તિસ્થાન : હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ. પો. બો. નં. ૭૪

મુદ્રણશુદ્ધિ : શ્રી જયંતીભાઈ જાની, ફોનઃ(૦૭૯)૨૬૬૧૨૭૨૮

ડિઝાઇનર : મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪
મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રૅકૉર્ડેડ વાણીને **મોટા** જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

શ્રીમોટાવાણી શ્રેણીનાં પુસ્તક પ્રકાશનનો મૂળભૂત હેતુ **મોટા**ની અપ્રસિદ્ધ વાણીની આવી પ્રાપ્ય કૅસેટ્સ કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં તેને ગ્રંથસ્થ કરી લેવાનો.

શ્રીમોટા-વાણીના આ પુસ્તક પ્રકાશનનો ખર્ચ યુ.એસ.એ.માં નિવાસ કરતી એક વ્યક્તિ તરફથી મળ્યો છે, કે જેઓ પૂ. શ્રીમોટાના કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવેલ નથી. માત્ર એક સંતનું સાહિત્ય પ્રગટ થાય તે હેતુસર મદદ કરેલ છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે. **મોટાનું આ કામ કરવાનો મારો એકલાનો કોઈ ઈજારો હોઈ શકે નહિ. મોટાનું આ કામ એ સમાજનું કામ છે.** હું પણ સમાજનું એક અંગ છું તેથી સમાજ પ્રત્યેની મારી ફરજ રૂપે આ કાર્ય મેં ઉપાડ્યું છે. **તો મોટાના આ કાર્યમાં જે કોઈ કદરદાન વ્યક્તિની ઈચ્છા સીધી કે આડકતરી રીતે સહાયભૂત થવાની હોય તો તે પોતાનો સાથ-સહકાર વિના સંકોચે આપી શકે છે.**

સાધક-મુમુક્ષુજનો **પૂ. મોટા**ની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પહેલી આવૃત્તિ)

સન ૧૯૫૫ હરિઃૐ આશ્રમ, સુરતની શરૂઆતથી આશ્રમનાં ભારે શારીરિક મહેનતનાં કામો બાંધકામ, બાગકામ, કૂવાઓ ગાળવા, અનાજ ઉઘરાવીને આશ્રમે લાવવું, ઉપરાંત, નદીકાંઠાનું ધોવાણ અટકાવવા માટે ટૉલીબંધ, ખજૂરીનાં ભારે ભારે ટુંબા વખતોવખત લાવવા વગેરે માટે મદદ કરનારા શ્રી ઓલપાડ અને ચોર્યાસી તાલુકા નીરા અને તાડગોળ ઉત્પાદક સહકારી મંડળી લિ. સુરતના નામી અને અનામી તમામ સંચાલકો તથા કર્મચારીઓને.

તથા સ્વ. ડાહીમા (ડાહીબહેન માધવભાઈ સેલર) રાંદેરના જેઓ લગભગ ૧૯૫૬-૧૯૫૭ની સાલથી તેમના દેહાવસાન સુધી આશ્રમમાં રસોઈ કરીને સૌને પીરસવા ઉપરાંત, કપડાં ધોવાનું મુખ્ય કામ ઉપરાંત તમામ નાનાં મોટાં કામોમાં ખડે પગે મદદમાં રહેનારને

તથા સ્વ. ડૉ. શ્રી નાથુભાઈ સી. ભંડારી (રાંદેર)ને હરિઃૐ આશ્રમ સુરતના સેવકો તથા કર્મચારીઓને મફત તબીબી સારવાર માટે.

સસ્નેહ સમર્પણાંજલિ પાઠવીએ છીએ.

**યશવંત એ. પટેલ**

**ઈંદ્રવદન શૅરદલાલ**

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા ભાગ્યે જ પ્રવચન આપતા. તેમની વાણી એટલે ઉત્સવ પ્રવચન કે ક્યાંક કોઈક સ્વજનના ઘેર અંગત વાતચીત થઈ હોય અને તે સ્વજને ટેપ રેકૉર્ડ કરી લીધી હોય તે વાણી. આ ટેપવાણીનાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન વર્ષ ૧૯૯૩-૯૪માં સ્વજનોના વ્યક્તિગત આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના શ્રી યશવંતભાઈ એ. પટેલનો ફાળો નોંધપાત્ર છે. ત્યાર બાદ સુરત આશ્રમે વર્ષ ૨૦૧૦માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરેલ.

શ્રીમોટા એમ કહેતા કે—''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટા, આ ટેપરેકૉર્ડેડ વાણીમાં જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે. આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી. શ્રીમોટાની વાણીને એક કૅસેટ દીઠ એક ભાગ એમ કુલ્લે ચૌદભાગને સાત પુસ્તકોમાં પ્રકાશન કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકોના પ્રથમ પ્રકાશન અર્થે સહકાર આપનાર શ્રી યશવંતભાઈ એ. પટેલ તથા આદરણીય વડીલ મુ. શ્રી ઇંદ્રવદન શૅરદલાલ (ઇંદુકાકા) તથા અન્ય પ્રકાશક સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી રજનીભાઈ બર્માવાળાએ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વેળાએ પણ પૂ. શ્રીમોટાની વાણીની તમામ કૅસેટો ફરીથી સાંભળીને આ લખાણ અક્ષરશઃ વાણી મુજબ છે, તે મેળવ્યું છે તથા મુદ્રણશુદ્ધિની ચકાસણી કરી છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી તરીકેની તેમની ફરજ તેમણે નિભાવી છે. તેથી તેમનો આભાર માનવો અસ્થાને છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સમાજનો બહોળો વર્ગ પૂ. શ્રીમોટાની આ વાણી થકી પોતાનો જીવનવિકાસ કરી શકે અને શ્રીમોટાના આધ્યાત્મિક વિજ્ઞાનને સરળતાથી સમજી શકે એવી શુભભાવના સાથે આ પુસ્તક સમાજનાં કરકમળોમાં અર્પણ કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

(ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટાના ભક્તિભાવથી આશ્રમના
રસોડાની જરૂરિયાત માટે મદદરૂપ થનાર
સુરત નિવાસી સ્વજન દંપતી
**શ્રી જતિલકુમાર અશોકભાઈ પૂજારા**
તથા
**શ્રીમતી ક્રિષ્નાબહેન જતિલકુમાર પૂજારાને**
'શ્રીમોટાવાણી ૧૩-૧૪' પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ
આદરપૂર્વક સમર્પણ કરતાં
અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. અનુભવીને માત્ર વર્તમાનકાળ જ છે ........................ ૯
૨. અનુભવી ચેતનની જેમ સર્વત્ર પ્રસરેલ નથી .............. ૧૦
૩. અનુભવી પ્રકૃતિનો તાબેદાર નથી ....................... ૧૦
૪. કાળ ટૂંકાવવા માટે તંત્રશાસ્ત્રની શોધ ..................... ૧૧
૫. અનુભવી પ્રકૃતિનો સ્વામી છે ........................... ૧૨
૬. અનુભવીની પ્રકૃતિ બીજામાં પ્રવેશવા માધ્યમ છે ........... ૧૨
૭. ભગવાન સારું ખોટું ના કરે :
બધું Actionનું Reaction છે ........................... ૧૩
૮. પ્રચંડ ધૂન ભગવાનની અભિમુખતા જગાડવા જરૂરી છે ..... ૧૫
૯. **મોટા**ની દેશસેવાની ધૂન .................................. ૧૬
૧૦. બાળયોગી મહારાજે દેશસેવાની ધૂન
પ્રભુભક્તિમાં વાળી દીધી .............................. ૧૭
૧૧. ચેતનમાં પ્રગટવાને માટે કોઈ મસ્ત ધૂન જરૂરી છે ......... ૧૮
૧૨. કારણ-નિમિત્તને લીધે ગુરુ પ્રગટે છે ...................... ૨૦
૧૩. નિમિત્તના પ્રકારો ........................................ ૨૦
૧૪. જીવદશામાં બુદ્ધિ અને પ્રાણ મોખરે છે ................... ૨૧
૧૫. નિમિત્ત પ્રમાણે અનુભવીનું વર્તન ....................... ૨૨
૧૬. હરિભાવની અભિમુખતાનું નિમિત્ત અનુભવીને આકર્ષે છે .... ૨૩
૧૭. અનુભવીનું મુખ્ય લક્ષણ : આકાશતત્ત્વ મોખરે છે ......... ૨૩
૧૮. અનુભવી જીવદશાવાળા સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે છે .......... ૨૪
૧૯. શ્રીમદ્ રાજચંદ્રનું કથન :
અનુભવીના સંપર્કથી ૨૧મે જન્મે મુક્તિ ................. ૨૫
૨૦. આ બ્રહ્માંડમાં બધું જ વિકાસશીલ છે ..................... ૨૬
૨૧. અનુભવી સ્વાભાવિક રીતે બધું થવા દે છે ................ ૨૭
૨૨. નિમિત્ત જાગી ઊઠતાં નિમિત્ત-વિજ્ઞાન લખાયું ............. ૨૯
૨૩. અનુભવીની સહજતાનું ધોરણ ........................... ૨૯
૨૪. અનુભવીમાં નિમિત્ત પ્રમાણે ચેતનના ગુણ પ્રગટે .......... ૩૦
૨૫. શૂન્યાવસ્થાની સમજણ .................................. ૩૧
૨૬. શૂન્યાવસ્થા કેમ મોળી પડી તે સંશોધનનો વિષય છે ....... ૩૨
૨૭. શૂન્યાવસ્થામાંથી આકાશતત્ત્વમાં આવવાનું કારણ :
કોઈ પ્રકારનો ક્ષોભ ........................................ ૩૪
૨૮. ક્ષોભ થવાનું કારણ ....................................... ૩૫

**“હું સર્વત્ર વિદ્યમાન છું.”**

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧ - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## તા. ૧-૪-૧૯૭૦ના દિને
## પ્રો. એ. જી. ભટ્ટ સાહેબ (અમદાવાદ)ને ત્યાં
## 'નિમિત્ત' વિશેની
# પૂ. શ્રીમોટાની ટેપરૅકૉર્ડેડ વાણી

### અનુભવીને માત્ર વર્તમાનકાળ જ છે

**શ્રીમોટા :** એક સમજણની દૃષ્ટિથી સમજો કે અનુભવી છે તેને પરાપૂર્વના સંબંધનું જ્ઞાન થાય છે, તે તદ્દન સાચી વાત છે. એમાં મીનમેખ ફરક નહિ, પણ જે ભવિષ્યકાળ છે, એમાં હંમેશાં ફેરફાર થતો રહે છે. એ જે ફેરફાર થતો રહે એના વિશે અનુભવી કશું વિચારતો નથી. એ તો જે કાળે જે મળે છે તેમાં જ એ ભગવાનની કૃપાપ્રસાદી સમજે છે અને ભવિષ્ય, ભૂત કે વર્તમાન એને કંઈ કશું છે નહિ. એને માત્ર વર્તમાન જ છે. આપણે ભૂત કહીએ કે ભવિષ્ય કહીએ પણ એ તો એક વર્તમાન જ દેખે છે. વર્તમાન સિવાય અનુભવીને બીજી કોઈ સમજણ નથી. સદાયે એ વર્તમાનમાં જ જીવતોજાગતો ચેતનાત્મક પ્રત્યક્ષ છે.

અનુભવી ભગવાનના ભાવમાં હંમેશાં જીવંત અને ચેતનાત્મક ને વર્તમાનમાં જ છે. અનુભવીને જો સમજવો હોય તો કાળની ગણનાની રીત છે તે આપણે મૂકી દેવી પડશે. એને કોઈ ભૂતકાળ નથી. એને કોઈ ભવિષ્ય નથી. એને એકમાત્ર વર્તમાન જ છે. એ જીવદશાવાળાને છે. પેલાને કશું પરાપૂર્વનું નથી. એ તો નિમિત્તને નિમિત્તકારણથી બીજાને સમજાવવા પૂરતો આમ બોલતો હોય છે. એટલું જ.

## અનુભવી ચેતનની જેમ સર્વત્ર પ્રસરેલ નથી

અનુભવીને જે નિમિત્ત મળે છે, તે નિમિત્ત વડે કર્મ થયા કરે છે અને એ કર્મ દ્વારા અનેક જીવોની સાથે સંપર્ક અને સંબંધમાં આવે છે અને અનેક જીવોને એ પોતાનાં મળેલાં આવાં નિમિત્તનાં કર્મ દ્વારા એ સર્વમાં પોતાનો ફેલાવો કરે છે.

**જેમ ચેતન સર્વત્ર પ્રસરેલું છે, તેમ અનુભવી સર્વત્ર, એકાકારપણે, એકરસથી સકળ બ્રહ્માંડમાં પ્રસરેલો હોતો નથી. આ એક મોટામાં મોટો ચેતન અને અનુભવીની વચ્ચેનો ફરક.**

જ્યાં જ્યાં નિમિત્ત મળે, જ્યાં જ્યાં નિમિત્તનાં કર્મ છે, ત્યાં ત્યાં જે જે વ્યક્તિઓ નિમિત્તનાં કર્મની સાથે એકધારી સંકળાયેલી છે. ત્યાં ત્યાં અનુભવી છે અને એ અનુભવી એ નિમિત્તનાં કર્મ જે કરે છે તેના વડે જે જીવો છે, એનામાં એ પ્રસાર થાય છે અને એનામાં એ પ્રવેશે છે.

## અનુભવી પ્રકૃતિનો તાબેદાર નથી

અનુભવીને પ્રકૃતિ છે. એ પ્રકૃતિને તાબે નથી, પણ એ પ્રકૃતિ દ્વારા જ એનું જે તે બધું સર્જન છે. જેમ ગીતામાં ભગવાને કહ્યું કે પ્રકૃતિ મારી યોનિ છે. યોનિ દ્વારા જ સર્જન થાય છે.

તેવી રીતે અનુભવીને પણ **દેખીતી રીતે** એ શબ્દ મારો યાદ રાખજો. **દેખીતી રીતે** કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, ઈચ્છા વગેરે દ્વારા એ બીજાનામાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરવાનું એનું આ માધ્યમ તો પ્રકૃતિ છે.

પણ એ દરેકમાં—દરેક નિમિત્તનાં કર્મ મળ્યાં ને કર્મની સાથે જે જે નિમિત્તનાં જીવો સંકળાયેલાં છે. એમાં એમાં એમના એમના આધારમાં એની પેસવાની રીતરસમ દરેકની સાથે નોખી નોખી છે. કોકની સાથે કામ દ્વારા, કોકની સાથે મોહ દ્વારા, લોભ દ્વારા એમ અનેક રીતે એ તે તે જીવોમાં પ્રવેશ કરે છે.

દેખીતી રીતે એમ લાગે કે ઓહો, સાલા, આ તો બધા જીવો પણ એવી જ રીતે કરે છે. બધા જીવો પણ બીજા જીવોમાં આવી જ રીતે પ્રવેશ થતા હોય છે. ત્યારે આ તો બધી પાશવલીલા એમ લોકોને લાગે સામાન્ય જીવોને, પણ એકને—એક તો માત્ર પ્રકૃતિને તાબે થઈને—વશ થઈને—પ્રકૃતિથી લુબ્ધ થઈને—જ્યારે પેલો પ્રકૃતિનો સ્વામી હોવાથી એને જ્ઞાનભક્તિપૂર્વકની હેતુની ચેતનાત્મક સભાનતા હોય છે અનુભવીને. અને એટલું જ નહિ પણ હેતુને ફળાવવા માટેની જે એના દિલની ઉત્કટ જાગૃતિ છે, એવી કોઈક જીવમાં જીવદશાવાળા જીવને કદી પણ હોઈ શકે જ નહિ. એ અશક્ય વાત છે. આ એક મોટામાં મોટો તફાવત છે. અનુભવી ને એનો (જીવદશાવાળાનો).

## કાળ ટૂંકાવવા માટે તંત્રશાસ્ત્રની શોધ

અસલ જે તંત્રશાસ્ત્ર છે. આપણા ઋષિમુનિઓએ, અનુભવીઓએ અત્યારે જેમ સાયન્સમાં વિજ્ઞાનમાં, અદ્ભુત ચમત્કારિક શોધો થઈ, એ પણ કાળ ટૂંકાવવાને અર્થે જ. અમેરિકાથી હિંદુસ્તાનમાં આવવું હોય તો દિવસોના દિવસો લાગી જતા. જ્યારે કાળ ટૂંકાઈ જાય ને વસ્તુ પ્રાપ્ત થઈ જાય.

તેવી રીતે આપણા અનુભવીઓએ વિચાર્યું કે સાલો એક આ કાળ મોટો વિક્ષેપ છે. એ કાળને કેમ ટૂંકાવવો ? ત્યારે એની એ શોધમાં પડ્યા. આધ્યાત્મિક ક્ષેત્રે જેટલું સંશોધન આપણા ઋષિમુનિઓએ, અનુભવીઓએ કર્યું છે, એટલું સંશોધન ઊંડામાં ઊંડું પૃથક્કરણ આ પૃથ્વીની અંદર કોઈ ઠેકાણે થયું નથી. એનો અર્થ એમ નથી કે બીજે નથી થયેલું. આપણા કરતાં પણ વિશેષ પ્રમાણમાં.

પણ એ લોકોએ જોયું કે કાળ એક વિક્ષેપ છે. અને એટલું જ નહિ પણ શરીર પણ વિક્ષેપ છે. હવે એ શરીરને યોગ્ય રાખવાને માટે આ બધું, આયુર્વેદ એટલા માટે શોધાયો કે શરીર યોગ્ય પ્રકારનું રહે તો આપણે યોગ્ય પ્રકારથી સાધના કરી શકીએ. શરીરનું આરોગ્યવંત હોવું એ સાધનાને માટે આવશ્યક. એટલા જ માટે કહ્યું કે શરીર એ ધર્મનું મુખ્ય સાધન છે.

ત્યારે આપણા ઋષિમુનિઓ પાસે આ બધું કરવાનાં કંઈ સાધન ન હતાં. Laboratories ન હતી. દરેકના ગુણધર્મ તપાસવાની, પણ એ તો તાદાત્મ્ય ગુણને લીધે જેમાં તેમાં પ્રવેશતા. તેમાં આગળ મેં જે કહ્યું કે અનુભવી છે એને ચેતનનો ગુણધર્મ તાદાત્મ્ય એક છે. એ તાદાત્મ્યને કારણે નિમિત્તનાં કર્મમાં જે જે જીવો સંકળાયેલાં છે એની સાથે એ એકરસ થઈ જાય છે. એટલે એના ગુણધર્મને, એના સ્વભાવને, એની પ્રકૃતિને સમજી લેતો હોય છે. એ કહેતો નથી.

એવી રીતે આપણા ઋષિમુનિઓએ જોયું કે આ કાળ વિક્ષેપ છે. ત્યારે જ્ઞાન દ્વારા એ બધી પ્રક્રિયાઓ શોધવા લાગ્યા. એમાં કાળને ટૂંકાવી દેવાને ઉત્તમમાં ઉત્તમ એ સાધના તંત્રની છે. એ તંત્રની સાધનામાં બે પક્ષ પડ્યા. શુક્લ અને કૃષ્ણ.

## અનુભવી પ્રકૃતિનો સ્વામી છે

હવે જે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અનુભવી છે, એ આ દ્વારા પણ સાધના સાધી શકે છે. જેમ રામકૃષ્ણ પરમહંસે કહ્યું કે ખાળ દ્વારા પણ તમે ઘરમાં આવી શકો છો. આ બધી પ્રથાઓ આપણા દેશની છે. અત્યારે વામાચાર છે, એ ખરાબ છે. અત્યારે એને જાણનારો કોઈક બીજરૂપે. જ્ઞાન નાશ નથી પામતું એ મારે બધાંને સ્પષ્ટ કહી દેવું જોઈએ. જ્ઞાન કે અજ્ઞાન કદી નાશ પામતું જ નથી. જ્ઞાન બીજરૂપે તો છે જ. હજુ પણ છે અને એને જાણનારો કોઈક જવલ્લે જ છે, પણ અસલ એમાંથી જ એ નીકળેલું છે. **એટલે અનુભવી પ્રકૃતિનો સ્વામી હોવાથી પ્રકૃતિ જ એનું માધ્યમ છે.**

## અનુભવીની પ્રકૃતિ બીજામાં પ્રવેશવા માધ્યમ છે

આપણને એકલાંને જ નહિ પણ ભગવાનને સુધ્ધાં. અને મારું હું કાંઈ કહેતો ઠોકતો નથી આ ગપ્પાં. ગીતામાતા એનું પ્રમાણ છે. પ્રકૃતિ મારી યોનિ છે. ત્યારે અનુભવીને પણ એમ જ હોય. **પ્રકૃતિ જ એની યોનિ હોય અને દેખીતી રીતે પ્રકૃતિ એનું માધ્યમ હોવાથી એને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ રહે.**

અને એનો પણ એક ક્રોધ છે. આપણને છે તેવો, **પણ એનો ક્રોધ કોઈ ન્યારો છે. એવો ભાવની ભભૂકે જ્યારે તેજસ્વિતતા અને પેલો જેનામાં નિમિત્ત છે. તે તે આવ્યો હોય ત્યારે સાલા એને શું કરે ? સાલાને મારો બે ડંડા. એને સાલાને. ત્યારે તે વખતે એ અનુભવી જે ભભૂકે છે એને આપણે લોકો સમજી શકતાં નથી. એને ક્રોધ કહીએ છીએ. બાકી એનું તો આ ભભૂકવાનું કોઈ ન્યારા પ્રકારે છે. એ કળા કોઈ ન્યારી છે. અને એને જે પ્રેમભક્તિપૂર્વક સ્વીકારી લે છે, સાહેબ, એનું તો કમાલ થઈ જાય એ, પણ એવી તાકાત જીવદશામાં હોતી નથી સાહેબ હોં.**

આ તો મેં સમજાવાને કે પ્રકૃતિ દ્વારા એ બીજાનામાં પ્રવેશે છે. ત્યારે પ્રકૃતિનાં જે અંગ-ઉપાંગો તે દ્વારા એ પ્રવેશે છે. એટલે આપણને લાગે છે કે આ તો જીવદશાના જેવું જ છે બધું, પણ એવું નથી હોતું. એ આગળ મેં વાત કરી બધી.

**જીવો જ્યાં સુધી સ્વીકારાત્મક ભૂમિકા ન આપી શકે તો એ નહિ બની શકે.** અનુભવીથી પણ નહિ બની શકે. માત્ર એના સૂક્ષ્મ ચિત્તમાં સૂક્ષ્મ શરીરના સૂક્ષ્મ ચિત્તમાં અનુભવીના સંસ્કાર આપમેળે પ્રવેશી જાય છે. એ વળી જુદી હકીકત.

નિમિત્તની સાથે જે જે જીવો મળેલાં હોય એ જીવોએ પેલા અનુભવીને શ્રીહરિ પરત્વેની જીવતીજાગતી ચેતનાત્મક અભિમુખતા પ્રગટાવવાને માટે સરળતા, સગવડ, સહકાર અને સ્વીકારાત્મક ભૂમિકા આપવી પડશે.

આકાશમાં બધાંનું બીજ છે. એ આકાશમાં વ્યાપી રહેલો છે, પણ તેમ છતાં વાયુ જે વ્યક્ત થયેલો તે પેલા આકાશને સ્પર્શી શકતો નથી.

## ભગવાન સારું ખોટું ના કરે, બધું Actionનું Reaction છે

**મોટા** તમે હરિભાવની વાત કરો. હરિભાવ તો કલ્યાણકારક જ છે. અને આ જીવ સારું ખોટું કરે, પણ ભગવાન સારું ખોટું કેવી રીતે કરી શકે ?

તો સાલા, મેં કહ્યું, જુઓને આ ભયંકર અકસ્માતો થાય છે. આ ભયંકર ધરતીકંપો થાય છે. એને તમે સારું કહો છો ? તો કહે ના ખોટું.

તો એ કોણ કરે છે ? હું કરું છું કે મારો બાપ કરે છે જઈને ? **એટલે જગતનું દેખીતું જે સારું કે ખોટું છે એનો ભગવાનનો કલ્યાણકારક હેતુ તમે જોતા નથી. એ તો Actionનું Reaction છે. તે આપણે જોઈ શકતાં નથી. માટે આપણે ગભરાઈએ છીએ કે આ ભગવાને ખોટું કર્યું. અને ભગવાન તો સારુંય નથી કરતો ને ખોટુંય નથી કરતો.**

**એ તમે જે માનો છે તે તમારી ખોટી વાત છે. જે તે બધું Actionનું Reaction છે ભઈ આ તો.**

## આકાશતત્ત્વમાં સ્થિત અનુભવી સર્વવ્યાપક છે

કારણ એનું નિમિત્ત. કારણ નિમિત્ત મળે તો કારણમાં આકાશતત્ત્વ Predominant જ છે. એ આકાશતત્ત્વ એનામાં Predominant થાય છે. એ આકાશતત્ત્વ જ્યારે Predominant થાય, ત્યારે એ સર્વત્ર વ્યાપેલો હોય છે.

થોડી ઊંચી હોય ત્યારે આવો જ્યારે હરિના રસમાં એકાકાર, અખંડપણે, એકધારો પડ્યો રહેલો હોય છે. જેને આપણે સમાધિની અવસ્થા કહીએ. ત્યારે નિમિત્ત બિમિત્ત હોતું નથી. હું આ બધાં નિમિત્ત જાણીને મૂકું નહિ જાણી જોઈને.

આપણે આ સરળ, સરસ છે કે હરિરસમાં એકદમ તન્મય, એકાગ્ર કેંદ્રિત અને ઓતપ્રોત એકધારો જીવંત જ્યારે અનુભવી છે, ત્યારે એને નિમિત્ત નથી. ત્યારે એ વાત તમે નિર્વિકલ્પ કહી તે બરાબર છે સાહેબ, પણ એ બધું અટપટું થઈ જાય છે. સામાન્ય માણસ બિચારો આ વાંચે સાહેબનું. કોઈ વિદ્વાન સમજી શકે.

દુષ્ટમાં દુષ્ટ પ્રકારના છેક અવનતિ પારનીયે પાર પહોંચી ગયેલો હોય એવાને પણ એ અવગણતો નથી.

વાયુનું. તેજનુંયે લે. ને આકાશનુંયે લે. આકાશ છે એ માત્ર કારણની સાથે સંકળાયેલું છે. એવા જે કેટલાક મહાત્માઓ છે. હું

હિમાલયમાં દર્શન કરવાં અનુભવવા ગયો હતો. ત્યારે મંત્રી હતો. એ એકમાત્ર અનુભવીનાં દર્શન માટે જ ગયો હતો. ત્યારે પ્રત્યક્ષ અનુભવી તો નહિ મળ્યા. એક કે બે જ શરીરધારી, પણ અપ્રત્યક્ષ મળ્યા તે એક આ આકાશને કારણને લીધે જ.

જો આકાશની સાથે આપણું તાદાત્મ્ય ના હોય તો એ દર્શન થઈ જ ના શકે. આ તો સમજવાને સાહેબ હોં, કારણ કે એવા એ મહાત્માનું અસ્તિત્વ છે સાહેબ. જે શરીરધારી નથી તેમ છતાં છે. એ તો વાત કોઈ માનવાને તૈયાર ન હોય, પણ આકાશતત્ત્વમાં જ્યારે તમે જીવતાજાગતા એકરસ થઈ જાવ ને એનું તાદાત્મ્ય જ્યારે થાય ત્યારે એ દર્શન થાય.

પણ એમાં પણ પાછું નિમિત્ત. કારણ નિમિત્ત મળ્યું માટે. કારણ નિમિત્તના ત્રણ પ્રકાર મેં પાડ્યા. કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ. એ કારણ પ્રકારનું નિમિત્ત મળ્યું ત્યારે એ આકાશતત્ત્વમાં અનુભવી પોતે તો છે જ. અનુભવીને આકાશતત્ત્વ જ મોખરે છે. ત્યારે એને પાછું આવું કારણ નિમિત્ત મળ્યું. એટલે એવાં દર્શન થાય છે. નહિ તો ના થાય.

## પ્રચંડ ધૂન ભગવાનની અભિમુખતા જગાડવા જરૂરી છે

આ ભગવાન પરત્વેની અભિમુખતા આ ભભૂકી ઊઠી. ત્યારે જીવને શું કે અનુભવીને શું કે શ્રેયાર્થીને શું નિમિત્ત જ જે તે કારણ છે.

ત્યારે મને પણ નિમિત્તનું કારણ નહિ, પણ એક મુખ્ય વાત એવી કે ભગવાનની અભિમુખતા ભૂમિકા વિના જાગતી નથી, પણ મને તો બિલકુલ ભૂમિકા નહિ, કારણ કે આ બાબતમાં સાવ બોથડ. પણ એક જ એની મુખ્ય વાત સમજી લેવી કે એને કોઈ પણ બાબતની પ્રચંડ ધૂન હોય છે. ભલે સાંસારિક ક્ષેત્રે. પ્રચંડ એક પ્રકારની ધૂન જેનામાં હોય.

દા.ત., હું તો બહુ ગરીબ વિદ્યાર્થી. મને સ્કૉલરશિપ મળતી હતી. ટ્યૂશન કરીને હું ભણતો અને હું ખાવાનું હૉસ્ટેલમાં ખાઈ શકું નહિ, કારણ કે બહુ પૈસા. હું તો મંદિરમાં જઈને પતરાળી જમતો.

મારા વૈષ્ણવના મંદિરમાં. મારા સંસ્કાર વૈષ્ણવના. ત્યારે એ વખતે એવી મારી તો બહુ યોજના કરી રાખેલી. એમ ને એમ નહિ. યદ્વાતદ્વા નહિ. ભણતો ત્યારથી મારી આવી કે કોઈ પાછળ યોજના હોવી જોઈએ. કે યોજના કરેલી કે આવા આપણે થવું અને તે હેતુથી હું ભણતો અને ફર્સ્ટ ક્લાસ લાવતો.

## *મોટાની* દેશસેવાની ધૂન

પછી આ અસહકારની ભૂમિકા પ્રગટી અને આ બધું જલિયાંવાલા બાગનું ગાંધીજીને બધાં વર્ણન કરે. તેથી હું કોઈ લાગણીથી દોરવાઈ ગયેલો નહિ, પણ મને એમ થયું કે આપણા દેશને આપણા દેશના યુવાનો મુક્ત નહિ કરે તો આકાશમાંથી દેવ અવતરવાના છે ? એટલે જુવાન તરીકે આ ગાંધીજી કહે છે તે સાચું છે. આપણે આપણું સ્વરાજ્ય મેળવવું જ જોઈએ. એ આપણો હાલનો મારો ધર્મ છે.

ધર્મ સૂઝે ત્યારે બીજું બધું ગૌણ બની જાય. ધર્મની ભાવના ઊગે ત્યારે કંઈ કશું કરી દે કે આ જે મેં યોજના કરી છે. એવું કશું રહેતું નથી. આવું બની જાય. અને મેં એમાં ભૂસકો માર્યો. એટલું જ નહિ. પણ પછી વિદ્યાપીઠમાં જોડાયો. પછી ગાંધીજીએ આવીને ત્રણ મહિના પછીથી જ વાત કરી કે અલ્યા, તમે તો કંઈ મારી દૃષ્ટિથી વિશેષ કશું કર્યું નથી. તમે તો એક ડિગ્રીનો મોહ છોડીને બીજી ડિગ્રીનો મોહ રાખ્યો.

એટલે તે જ પળે સાહેબ મૂકી દીધું. અને ગીડવાણી સાહેબે એ અમારો સ્વરાજ આશ્રમ કાઢેલો ત્યાં બધું કામકાજ અમે કરતાં. એવામાં પછી ઇંદુલાલ થયા. એ પછી ઇંદુલાલ (યાજ્ઞિક)ની સાથે જોડાઈ ગયેલો. મંત્રી તરીકેનું કામ.

હરિજનનું કામકાજ સૌથી પહેલવહેલું ગુજરાતમાં કોઈએ વિદ્યાપીઠના વિદ્યાર્થીએ લીધું હોય તો મેં લીધેલું. સૌથી પહેલાં. ત્યારે આવી ધૂન મને હતી.

ભગવાનની વાત હું કાંઈ બિલકુલ જાણતો કરતો નથી. ભજન

નહિ ને કીર્તન નહિ. કાંઈ નહિ એ સંબંધમાં. કોઈ દિવસ કોઈ સત્સંગમાં જવું તેની વાત નહિ. કોઈ શાસ્ત્રો કે ઉપનિષદ કે ગીતા સરખાં પણ મેં તો વાંચેલાં નથી.

**શ્રીમોટા :** (વચ્ચેથી અટકાવીને)....એમને વાત કરવા દો. કારણ કે એમાં એમને રસ ના હોય તો બિચારા એમ જ કરેને ? હવે એમનો શો દોષ ?

## બાળયોગી મહારાજે દેશસેવાની ધૂન પ્રભુભક્તિમાં વાળી દીધી

પછી પણ નિમિત્ત અંદર હશે. જેમ ભૂગર્ભમાં બધું ધરતીકંપ થવાને માટેની પ્રક્રિયા ચાલુ જ હોય. જે એની ઊર્ધ્વતમ કક્ષાએ પહોંચે ત્યારે પાકે, તે સિવાય પાકતી હોતી નથી. ત્યારે આંતરિક ભૂમિકામાં આ બધી પ્રક્રિયા ચાલતી હતી. એ આપણને તો કાંઈ ખબર પડે નહિ. ત્યારે એ નિમિત્તને કારણે જ જે આ ભગવાન તરફ ભભૂકવાની જે ભૂમિકા કે જે નિમિત્ત હતું. એ નિમિત્તને કારણે જ બાળયોગીએ મને તેડાવ્યો. ઓળખે નહિ, પારખે નહિ. કાંઈ નહિ. જાણે નહિ. નામ ના જાણે. કે નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો. બાળયોગીને ઘણાંએ જોયેલા. હજુય અમદાવાદમાં માણસો હશે. ને મને આવીને એક ભાઈએ કહ્યું. નાનાભાઈ કંથારિયા કરીને એક હતા. નડિયાદમાં એના છોકરા પ્રાણશંકર હજુ જીવે છે. તેણે કહ્યું, અલ્યા ચૂનીલાલ, તને કોઈક સાધુ બોલાવે છે. મેં કહ્યું મારે ને સાધુને શું લેવાદેવા ?

ત્યારે તો સાધુ અને આ બધી જમાતને હું માનું કે એ એક સમાજ ઉપર ભારરૂપ છે. Economical waste on the society. એમ હું સમજું. ત્યારે તો હું ગયો જ નહિ, પણ એ લોકોની કેવી અદ્‌ભુત કળા હોય છે ખેંચવાની ? સાહેબ, એટલી બધી અદ્‌ભુત કળા કે પાંચમા દિવસે મને એનો એ જ વિચાર આવ્યા કરે.

આજે હું સમજું છું કે એ લોકોની એ કળા હતી. વારંવાર એ મને

શું કરવા બોલાવતા હશે ? વિચાર જ મારો કેડો ના મૂકે. એટલું બધું કે વિચારથી હું ત્રાસી ગયો સાહેબ, સાચે. સોએ સો ટકા સાચી વાત કહું છું. પછી વિચાર કર્યો બીજે દિવસે મૂઆ, સાલા વિચાર તો આપણો કેડો મૂકે, ચાલોને જઈ આવીએ.

મારી પાસે જવાના પૈસા ના મળે. તે પેલા જે માણસે કહેલું કંથારિયાએ. મેં કહ્યું સાહેબ, જવાના પૈસા આપો. અલ્યા, ભઈ પણ મેં તને કહ્યું ત્યારે પણ મારી પાસે પૈસા ન હોય તો શું કરું ? ત્યારે મહિને દહાડે એક આનો હજામતનો વાપરતો. અને Honorarium પિસ્તાળીસ રૂપિયા તરીકે લેતા. પછી આવ્યો એ. અને એણે પછી એ જગાડ્યું કે ગુરુમહારાજ પાસે જાવ.

## ચેતનમાં પ્રગટવાને માટે કોઈ મસ્ત ધૂન જરૂરી છે

એ નિમિત્ત તો પડેલું. આપણે જાણતાં નથી, પણ એવા માણસોને કોઈ પણ ક્ષેત્રે આવી ભભૂકતી ભૂમિકા હોય છે. કોઈપણ ક્ષેત્રમાં. સંસારી વિષયમાં કે ગમે તે. તે અનોખા હોય છે. સામાન્ય જીવદશાના પ્રકારના એ હોતા નથી. જુદા હોય છે. ભલભલા ગુંડા જેવાને ભગવાન તરફ થવાની શક્યતા વધારે છે. આપણા સામાન્ય સંસારીઓ કરતાં, એવી વિચિત્ર લાગે પણ હું મારા મનથી ખરું કહું છું.

ભલભલા મોટા મોટા વ્યભિચારીઓ થયેલા. ભગવાનના ભક્ત થઈ ગયેલા છે. ઈતિહાસમાં છે. ઈતિહાસમાં થઈ ગયેલી એવી વ્યક્તિઓ છે, પણ એ અનોખાપણું એના જીવનમાં કોઈ ને કોઈ પ્રકારનું, એવી ધૂન-મસ્ત ધૂન એનામાં ભલે સંસારનાં ક્ષેત્રે હોય પણ એ Basic એનામાં હોવી જોઈશે. એ પહેલું લક્ષણ. એ વાત ચોક્કસ.

એટલે આ તમે કહ્યુંને પણ મૂળમાં તો આ કશું હોવું જ જોઈએ. એની મેળે કાંઈ કશું પ્રગટતું નથી. જેમ ભૂગર્ભમાં તેલ હતું અને એ નીકળ્યું પણ એને મથવું પડશે. એમ ને એમ નહિ થાય.

એટલે અનેક પ્રકારનાં કર્મ થઈ ગયેલાં છે. એના જે સંસ્કારોની Totality સમગ્રતા. એ એને શ્રેયાર્થીને માટે એનું ભૂત. અનેક પ્રકારનાં, અનેક જાતનાં, હજારો પ્રકારનાં જે કર્મો થયાં એના જુદા જુદા પ્રકારના એક સમગ્ર સંસ્કાર પેદા થયા. એની એક સમગ્રતા. એ એનું ભૂત. અને એમાંથી એને નિમિત્ત પ્રગટ્યાં. એ નિમિત્ત વર્તમાનમાં પ્રગટ્યાં અને એવી રીતે વર્તમાનને એવી રીતે શ્રેયાર્થી જીવ્યો કે જેથી ભગવાનની અભિમુખતા પરત્વેનું નિમિત્ત એનામાં વધારે પ્રગટતું ગયું.

**જિજ્ઞાસુ :** એનું ભાવિ એ રીતે પ્રગટતું ગયું.

**શ્રીમોટા :** એ રીતે પ્રગટતું ગયું. એ શ્રેયાર્થીને માટે.

**જિજ્ઞાસુ :** અને પ્રારબ્ધ થાય તે વચ્ચેના દરમિયાનના ગાળામાં જેટલું એનું..... એ કર્મના સમૂહ કહેવાય.

**શ્રીમોટા :** એ જુઓ જોઈએ. વાંચ. જીવતીજાગતી ચેતનાત્મક થાય એ માટે. ત્યારે એ નિમિત્ત કારણમાં જ છે. બીજામાં નથી. સૂક્ષ્મમાંય નથી અને સ્થૂળમાંય નથી. એ તો એવું નિમિત્ત અને એટલા જ માટે જો કોઈ ચેતનાત્મક ગુરુ હોય. તે કેટલાય અહીંથી દૂર હોય. મારાથી છસો-સાતસો માઈલ દૂર પડેલા, પણ હું સ્મશાનમાં ભજન ગાતો તે એણે લખી રાખેલાં. મારા મિત્ર ભગવતપ્રસાદ કરીને. અમારા ઠક્કરબાપાના મંત્રી હતા. તેને મેં મોકલેલા. એને તે રોગ થયેલો. તે ત્યાં જઈને રહેતા. તે મારા વિશે બધું નોંધી લે. Actual આ જ. એ ઉતારી લે. ''પાવલે લાગું'' એ ભજન. ગુરુમહારાજ બોલેલા તે તેણે ઉતારી લીધેલું. અક્ષરે અક્ષર.

ક્યાં હું સ્મશાનમાં. કારણ એ આકાશ છે (નડિયાદમાં) (ભજન) એ મેં આગળ લખ્યું. આમાં બહુ સ્પષ્ટ છે. સાહેબ, ભલભલા કોઈ નહિ બતાવી શકે. તમારા આવા વેદાંતી ભણેલા આવો મારી પાસે કહું છું. ત્યારે એને લીધે જાણે છે.

## કારણ નિમિત્તને લીધે ગુરુ પ્રગટે છે

તેવી રીતે પેલો જે ભગવાનમાં એકરસ થવાને ઉદ્યત થયેલો છે એવો જે શ્રેયાર્થી એને આવું કારણરૂપ નિમિત્ત મળી જાય છે. એના જીવનનું જે પ્રગટેલું કારણ નિમિત્ત ત્યાં છતું થાય છે એટલે ગુરુ.

**જિજ્ઞાસુ :** આ સ્પષ્ટીકરણ માટે ગુરુ શબ્દ વાપરવાનો.

**શ્રીમોટા :** વાંધો કશો નથી. પણ આગળ કૌંસમાં લખો તમે એટલું. કારણ, કારણ નિમિત્ત. કારણ કે પરસ્પર બધું અવલંબિત છે. ઈશ્વર છે ને હરિ છે. હરિને કારણે જ ઈશ્વર છે. તેવી રીતે કોઈ ઉદય પામતા, ચેતનમાં. ચેતનને ઉદય પમાડવાને માટે કોઈ શ્રેયાર્થી જાગ્રત થયો છે. એને એમાં ચેતન થવાને માટેના ભૂગર્ભની શક્તિ છે. એ ભૂગર્ભની શક્તિ એ જ કારણનિમિત્ત. એ કારણનિમિત્ત હોવાથી કરીને પેલો ગુરુ મળ્યો છે. બાકી ગુરુને કોઈ મળવાનું કારણ નથી. શું કરવા ? એ તો નિરિચ્છ છે. નિઃસ્પૃહી છે, પણ એને એવા પ્રકારનું નિમિત્ત આકર્ષે છે. અને એ નિમિત્ત કોઈ પરભવમાં ભલે હોય. માની લો. પણ **એ નિમિત્ત પ્રગટ્યું છે કારણને લીધે. નિમિત્તકારણને લીધે ગુરુ પ્રગટ્યો. ગુરુ પોતાની ઇચ્છાથી પ્રગટ્યો નથી ભાઈ. એને કોઈ ઇચ્છા નથી.** નહિ તો અનુભવી તો બંધનમાં આવી જાય. તો એણે બોલાવ્યો એમ કહે કોઈક, **પણ દરેકનું મૂળ કારણ તો આપણા પોતામાં જ રહેલું છે.** એ Hundred percent દરેકને માટે સાચું સાહેબ.

## નિમિત્તના પ્રકારો

આ ત્રણ ભાગ પાડ્યા. કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ. એટલે દરેક દા.ત., સ્થૂળકારણ લો. આપણે પૃથ્વી લો. તો પૃથ્વીની અંદર આ પૃથ્વી એક તત્ત્વ છે, પણ એની અંદર જળ છે, તેજ છે, વાયુ છે ને આકાશેય છે, તે તમને સમજાય છે.

તેવી રીતે કોઈ પણ એક નિમિત્તમાં કોઈ પણ એક પ્રકારમાં ત્રણે ત્રણ છે. અને સ્થૂળ નિમિત્તમાં સૂક્ષ્મ પણ છે ને કારણ પણ છે. તો કારણમાં બીજરૂપે. કારણમાં બીજરૂપે સૂક્ષ્મ નિમિત્ત પણ છે ને

સ્થૂળ નિમિત્ત પણ છે. તેવી રીતે સૂક્ષ્મમાં. સૂક્ષ્મમાં સ્થૂળ બીજરૂપે છે અને કારણ પણ બીજરૂપે છે. જ્યારે સ્થૂળ નિમિત્તમાં બધું છે. બીજરૂપે નહિ કહી શકાય સાહેબ. સ્થૂળ નિમિત્તમાં બીજરૂપે છે એમ નહિ કહેવાય. એ તો વ્યક્ત થયેલા જ છે. જેમ પૃથ્વીમાં આ બીજાં ચારેચાર તત્ત્વો વ્યક્ત થઈ ગયેલાં જ છે. જ્યારે કારણમાં એમ નહિ કહી શકો તમે. કારણના નિમિત્ત સ્વરૂપની અંદર બીજરૂપે એ સૂક્ષ્મ ને સ્થૂળ છે.

## જીવદશામાં બુદ્ધિ અને પ્રાણ મોખરે છે

આપણા જીવનમાં પાંચ તત્ત્વ એટલે પાંચ કરણ કહ્યાં. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્, પણ આ બધાંમાં મુખ્ય ભાગ ભજવે છે—અહમ્ તો ચેતના ગતિ કરાવે છે, પણ જે હોય તેને ગતિ કરાવેને ? ત્યારે એક બુદ્ધિ અને પ્રાણ બે જ આપણામાં મોખરે.

આપણે જીવદશામાં છીએ. બીજા કોઈની વાત તો આપણે સમજીએ નહિ. જીવદશાની વાત આપણે સમજીએ એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ, આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, અનેક પ્રકારની ઝંખનાઓ એ પ્રાણનું ક્ષેત્ર. ત્યારે પ્રાણ Predominant આપણામાં. અને બુદ્ધિ. આ બે જ મોખરે છે. આ પાંચ તત્ત્વોમાંથી અહમ્ તો ગતિ કરાવે છે.

હવે આ Rational તમને લાગે છે ? આમાં એ શું કહે છે ?

**જિજ્ઞાસુ :** નિમિત્ત એકનું એક હોવા છતાં તેના સંસ્કારો....

**શ્રીમોટા :** હવે આ બધા સંસ્કાર પડ્યાને ? જુદા જુદા આ કેટલા ? શેના શેના વડે ? કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ, આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, અનેક પ્રકારની ઝંખનાઓ. આ બધાંમાં આપણે છીએ. હવે તેને લીધે જુદા જુદા પ્રકારના સંસ્કાર પડ્યા. હવે જુદા જુદા પ્રકારની એક સમગ્રતા થઈ. હવે એનાથી બધાં નિમિત્ત પ્રગટ્યાં એટલે નિમિત્તના અનેક પ્રકાર હોય ?

ના, ના, બંધબેસતું લાગે તો મને કહેજો, કારણ કે આપણે કોઈ શાસ્ત્ર-બાસ્ત્ર ભણ્યાં નથી. લઈ મંડેલા છે આ તો. ભઈ આ વાત મારી સાચી છે. આપણે કાંઈ ખોટું કહેતાં નથી.

મેં કહ્યું શાસ્ત્રનો તમારા જેવા આને ઓપ આપે નિમિત્તને તો આપણને ગમે છે. શાસ્ત્રનો આધાર હોવો જોઈએ એમ કહે છે. પોતાનો અંતરનો આત્મા, શાસ્ત્ર, અનુભવ એવા બધાંનો સુમેળ થવો જોઈએ.

## નિમિત્ત પ્રમાણે અનુભવીનું વર્તન

**જિજ્ઞાસુ :** મને એમ લાગે છે કે અનુભવીની વાણીનું શાસ્ત્ર સંગતિ હોય જ.

**શ્રીમોટા :** એ તો કોક કહે. આપ બોલ્યા એ બોલ્યા. દેખાદેખીથી બોલ્યા આ તો. કંઈક ગતાનુગતિક રીતે લોકો કહે, પણ હમણાં આડુંઅવળું બોલી દઉં તો તમારાથી સહન ના થાય સાહેબ. માટે હું બોલું જ નહિ. એ તો જે છે તે. એમ ને એમ જ. જ્યાં સુધી એ સૂક્ષ્મ રહે છેને ત્યાં સુધી જ આનંદ છે.

જ્યાં વ્યક્ત થઈને ભભૂક્યો ત્યાં પંચાત સાહેબ. માટે એ તો બરાબર છે. ચાલવા દો આપણે. કોક જ very rarely ભભૂકી જઉં. તે એવું નિમિત્ત મને લાગે કે ના, એના દિલમાં ઊતરવાને માટે આ જ યોગ્ય સાધન છે ત્યારે જ ભભૂકું. નહિ તો ના ભભૂકું.

ચાચાજી બધું જાણે (શ્રીગુરુદયાલ મલ્લિકજી) ઘણાં વર્ષોનો સંબંધ એટલે મને લઈ ગયેલા અને સારો સત્સંગ થયેલો અને ચાચાજીએ કહ્યું કે આ છોકરાએ કોઈ શાસ્ત્ર-બાસ્ત્ર વાંચ્યું નથી. આ તો B.A.માંથી નીકળી Headlong આમાં ઝંપલાવેલું છે. હું જાણું છું કહે છે, પણ આ બધું એની મથામણ ચાલે છે. એ મથામણની આની સમજણ છે. આ છોકરાની. બિલકુલ નહિ. એટલે એ વાત સાચી.

## હરિભાવની અભિમુખતાનું નિમિત્ત અનુભવીને આકર્ષે છે

**શ્રીમોટા :** મળેલું નિમિત્ત હરિમાં અભિમુખતા જીવંતી, ધગધગતી પ્રગટાવવાને માટે જ છે. એક જ લખો.

**જિજ્ઞાસુ :** આ તમે લખ્યું છે પાછળથી, હરિભાવની અભિમુખતા. અને હરિ પ્રત્યે અભિમુખતા. અને હરિ પ્રત્યે અભિમુખતા એટલે ભાવ વૃદ્ધિ પામે તે કાજે અનુભવીનું નિમિત્ત હોય છે.

**શ્રીમોટા :** હરિભાવ છે. એટલે હરિભાવ એને છે.

**જિજ્ઞાસુ :** અને શ્રેયાર્થીને હરિ પ્રત્યે અભિમુખતા પ્રેરાવવા કાજે અનુભવીને નિમિત્ત હોય છે.

**શ્રીમોટા :** ના, ના, બધાંને નિમિત્ત છે. શ્રેયાર્થીને જે હરિ પરત્વેની અભિમુખતા પ્રગટે તે નિમિત્ત તેનું પોતાનું જ છે. અનુભવીને નિમિત્ત નહિ.

**જિજ્ઞાસુ :** આપણે આમાંથી એવું....

**શ્રીમોટા :** જુઓ વાંચો.

**જિજ્ઞાસુ :** સંસારમાં જ પ્રેરાવે, સંસારીને નિમિત્ત તે,
સંસારથી જ છોડાવા, શ્રેયાર્થીને નિમિત્ત છે.

**શ્રીમોટા :** અમુક પ્રકારનાં શરીર કયા છે કે કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ. એ પણ નિર્વિવાદ ? ત્યારે એ જે જીવદશાનો એક જીવ છે. એને સ્થૂળ જ જે તે બધું. એ કાંઈ સૂક્ષ્મને, કારણને સમજતો નથી. એની consciousnessમાં નથી, પણ એનો અર્થ એમ નથી કે એ નથી. એ નથી જાણતો માટે કંઈ એ નથી એમ કહી શકાશે નહિ.

**જિજ્ઞાસુ :** એ પડેલું હોય છે ખરું.

## અનુભવીનું મુખ્ય લક્ષણ : આકાશતત્ત્વ મોખરે છે

**શ્રીમોટા :** છે ખરું. ત્યારે જે અનુભવી છે. તેનું મુખ્ય લક્ષણ મેં તમને કહ્યું કે આકાશતત્ત્વ એને મોખરે. X, Y, Z એ છે કે નહિ એ વાત મૂકી દો.

આપણે તો તત્ત્વજ્ઞાનની એના વિજ્ઞાનની વાત કરીએ છીએ. ત્યારે એનું આકાશતત્ત્વ છે. એ આકાશતત્ત્વ હોવાથી એ બધાંમાં પ્રસરે છે. સ્વભાવિક રીતે. એને કોઈ ક્રિયાની ત્યાં જરૂર નથી. ત્યારે એ જેમ શ્રેયાર્થીમાં પ્રગટે છે તેવી રીતે પેલામાં પ્રગટે છે.

શ્રેયાર્થીને એ વધારે Feel, એક તેને ઊંચે ચડાવાનું થાય છે. ચડવાનું થાય છે, કારણ કે અભિમુખતાવાળો છે. Receiptive છે. જીવ નથી. ત્યારે એ પ્રસરે છે તો ખરો. કઈ મારી હાહુનો પ્રસરે છે ? કઈ પેહે છે એવો એ ? તો કે સૂક્ષ્મ. સૂક્ષ્મ જેમ આપણે આ ઘરનો ઉંબરો કહીએ છીએ. એનાથી અંદરે જવાય ને બહારે જવાય. એ કબૂલ છે. તેવી રીતે એક સૂક્ષ્મ વચ્ચે અદ્વૈત છે. કે જે કારણમાંય લઈ જાય અને સ્થૂળમાંય લઈ જાય છે.

ત્યારે અનુભવી એક આકાશતત્ત્વમાં વિલસતો ગતિશીલ, સક્રિય, ક્રિયાશીલ, સર્જનશીલ આ બધું હોવા છતાં આમાંનું કાંઈ જ નથી પાછો. એટલે કાંઈ જ નથી એ આકાશતત્ત્વ કહીએ.

ત્યારે એક જે કાંઈ જ નથી ને એના એ ભૂમિકા ઉપર એ સર્જનશીલ છે, અને આકાશતત્ત્વ મોખરે હોવાથી બધાંમાં પેસી શકે છે.

## અનુભવી જીવદશાવાળાનાં સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે છે

એટલે પેલો જીવદશાવાળો છે એનાં સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે છે, કારણમાં તો કાંઈ છે જ નહિ કશું. કારણમાં પ્રવેશે તો contradict થઈ જાય. કંઈ વાત નથી એની.

એ સૂક્ષ્મમાં એના સંસ્કારો પડે છે. હવે લાંબા ગાળાના સંસ્કારો, ભલેને જીવદશાવાળો હોય એ. તો એ લાંબા ગાળાના પેલાની સાથે જો સંસર્ગ થાય તો પેલા અનુભવીના સંસ્કારો એના સૂક્ષ્મ ચિત્તમાં પડે. અને એ સૂક્ષ્મ ચિત્તમાં પડેલા સંસ્કારો ફરીથી જન્મ થાય તો સૌથી પહેલાં ઉદયવર્તમાન થાય છે. અને એ નિર્દોષતાની ભૂમિકામાં, દા.ત., પાંચ વર્ષનું, ચાર વર્ષનું બાળક જીવતું હતું ત્યારથી પેલા સંસ્કારો ઉદયવર્તમાન થાય.

અનુભવીના પડેલા જે સંસ્કારો છે, જે એના સૂક્ષ્મ પેલા જીવદશાવાળો સંપૂર્ણપણે જીવદશાથી કામક્રોધાદિકથી જ પ્રવર્તેલો હોય છે. એવો પણ પેલા અનુભવીના સંસર્ગમાં આવ્યો ત્યારે કહેશે કે એનું નિમિત્ત તો પેલો જીવ જ પેલા અનુભવીના સંસર્ગમાં આવ્યો છે એનું નિમિત્ત તો પેલો જીવ જ. એ તો આપણને ખબર નથી.

અનેક યુગોના જન્મોના જન્મ એણે ખીણમાં પડી રહેવું પડે છે. કેટલાક માણસ જીવોને પણ. એની એક દશા કોઈ અકળ રીતે સ્થિર થવાને માટેની એક એની અવસ્થા છે. પેલા જીવની. એવા જીવને આવું આની અભિમુખતા થાય એવા પ્રકારનું કોઈ નિમિત્ત એવા પેલા અનુભવીની સાથે છે. તે પેલા જીવમાં પડેલું છે. ત્યારે એ જીવ પેલાના (અનુભવીના) સમાગમમાં લાંબો ગાળો રહે એટલે એના સૂક્ષ્મ શરીરમાં આ પ્રકારના સંસ્કારો પ્રસ્થાપિત થાય છે. અને પછી એ પાછો જન્મે ત્યારે એને ઉદયવર્તમાન થાય. નિર્દોષ ભૂમિકામાં. એટલે પાછા એ સંસ્કારો એના સૂક્ષ્મમાં પડ્યા.

## શ્રીમદ્ રાજચંદ્રનું કથન :
## અનુભવીના સંપર્કથી ૨૧મા જન્મે મુક્તિ

તે એવી રીતે અમારા શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે એકવાર આવા અનુભવીના પ્રસંગમાં જીવ આવ્યો. લાંબો ગાળો જો રહ્યો તો ભલે એ જીવદશાવાળો રહ્યો પણ એકવીસ જન્મે એનો છુટકારો છે. એ એનું Rational આ છે. કે નિર્દોષ ભૂમિકામાં આ વખતે ધારો કે ૮ મહિના કે અમુક ગાળો થયો એનો. એ સંસ્કાર પડ્યો. બીજા જન્મે વધશે એ ગાળો. ત્રીજા જન્મે ઓર પાછો વધશે. ચોથા જન્મે ઓર વધશે. આ તમને સમજણ પડે છે હું કહું તેની ?

**જિજ્ઞાસુ :** હા, બરાબર બરાબર.

**શ્રીમોટા :** ના પડે તો મને કહેજો. એમ કરતાં કરતાં એકવીસમે ગાળે એને ભભૂકતો અગ્નિ થઈ જાય છે. આ સંસ્કારોની સમગ્રતા જે એનામાં પ્રગટી. તે ભભૂકતો અગ્નિ એનામાં થઈ જાય છે. એકવીસ જન્મે. એ થાય છે. કહો સાહેબ.

**જિજ્ઞાસુ :** હવે એક પ્રશ્ન ઊભો થયો.

**શ્રીમોટા :** હા, કહો. આ તો એકવીસ જન્મે. ગમે તે આ તો એક. સંખ્યા તો છોડી દો હવે. એના પર. એને પકડવું નહિ.

**જિજ્ઞાસુ :** આપણે ભગવદ્‌ગીતામાં એમ કહ્યું જે આસુરી પ્રકૃતિવાળા જીવો હોય છે તે ..................... ......... ..................... એવું છેને ?

મારી પાસે આવતા જ નથી. મારા અભિમુખ થતા જ નથી. અને એ વારંવાર મૃત્યુ-સંસાર એ માર્ગમાં ગયા છે અને *તત્ત્વયાંતી અધમાગતિ.* તેના કરતાં પણ વધારે નિકૃષ્ટ ગતિને પામે છે. હવે એનું શું થાય ?

## આ બ્રહ્માંડમાં બધું જ વિકાસશીલ છે

**શ્રીમોટા :** તમે વિજ્ઞાનની રીતે સાયન્સની રીતે વિચારો. કે સતત જે તે બધું કાંઈ વિકાસશીલ છે. એ સ્વીકારાય છે હકીકત ?

**જિજ્ઞાસુ :** હા જી.

**શ્રીમોટા :** સતત જે તે બધું વિકાસશીલ છે. ત્યારે જે સ્થિતિમાં જે હોય તેનો વિકાસ થયા કરે. તે સ્થિતિનો વિકાસ. પેલા નિમ્ન ગતિની સ્થિતિમાં પડેલા છે. એટલે નિમ્ન ગતિની અંદર વિકાસ એનો થયા કરે. હમણાં ૫ ટકા દુરાચારી હોય. પછી ૧૦ ટકા થાય. પછી ૧૫ ટકા, ૨૫ ટકા થાય. પછી ૧૦૦ ટકા થાય. એમાં એ વિકાસશીલ થયા કરે.

**જિજ્ઞાસુ :** અધોગતિ.

**શ્રીમોટા :** અને હજુ તમને તો ખબર નથી, પણ સાહેબ આપણી પૃથ્વી છે. એનાથીય કેટલીય અધોગામી જીવોવાળી પૃથ્વીઓ છે. તે આપણામાંથી એવા અત્યંત નિમ્ન ગતિવાળા થઈ ગયેલા જીવો ત્યાં જાય છે. આપણામાંથી ઊર્ધ્વ પ્રકારની ભૂમિકાવાળા ઊર્ધ્વમાં જાય છે. અને ત્યાંથી આપણે ત્યાં પણ અવતરે છે. આ પરસ્પર લેણદેણ છે, પણ હવે એ તો હજુ પુરવાર નથી થઈ ત્યાં સુધી આ વાત તો કહેવાય નહિ મારાથી, પણ આ વાત મારા દિલથી તો હકીકતરૂપે છે.

કેટલાય નિકૃષ્ટમાં નિકૃષ્ટ નિમ્નગામી જીવો જે છે, તે આનાથી અધોગામી પૃથ્વીઓ છે ત્યાં જાય છે. ત્યાંથી પણ થોડા ઘણા ચડતા થયેલા આપણે ત્યાં આવે છે. ઊર્ધ્વમાંથી—ઊર્ધ્વ ભૂમિકામાંથી પતન થયેલા જીવો આપણે ત્યાં આવે છે. આપણે ત્યાંથી ઊર્ધ્વ ભૂમિકામાં ભાવનાવાળા થયેલા જીવો ઊર્ધ્વમાં જાય છે. એ મારા મનથી હકીકતની વાત છે, પણ આજે એને પુરવાર કરી આપવાને મારી પાસે કોઈ સાધન નથી.

ગીતામાંથી ફાડફડચ કાઢવું હોય તો નીકળી શકે એવું છે, પણ એનો કંઈ અર્થ નહિ. આપણે એ રીતે કરવું, કહેવું તે પણ મારા મનથી આ હકીકત છે.

**જિજ્ઞાસુ :** એટલે અભિમુખતા તો હોવી જોઈએ.

**શ્રીમોટા :** અભિમુખતા હોવી જોઈએ.

**જિજ્ઞાસુ :** હવે શ્રેયાર્થીમાં જે અભિમુખતા છે અને જે સાધારણમાં સૂક્ષ્મતમ રીતે અભિમુખતા.

**શ્રીમોટા :** નથી–નથી કારણ શું ? આપણે ભગવાનનું નામ કે મંદિરે જવાય એ જડથી કરે છે. એક ચીલેચલુ વ્યવસ્થાથી. એમાં કાંઈ પ્રાણ નથી. એ તો ઘેરથી નીકળે તો વાતો કરતાં કરતાં જાય. આ ભગવાનને નમસ્કાર કરીને પાછા આવે તેય વાતો કરતાં કરતાં.

## અનુભવી સ્વાભાવિક રીતે બધું થવા દે છે

**શ્રીમોટા :** આ બ્રહ્માંડની અંદર સકળ જે કાંઈ જેમ ચાલી રહ્યું છે તેમ એ ચાલવા દે છે. એની વચ્ચે એ આવતો નથી.

**જિજ્ઞાસુ :** ના.

**શ્રીમોટા :** એમ. વાંચો હવે.

**જિજ્ઞાસુ :** આપે લખ્યું છે,

*પોતાના એકલાનાં તે નિમિત્તો પલટાવવાં,*
*શો અનુભવી સંપૂર્ણ શક્તિથી બળવાન ત્યાં!*

*કિંતુ જેમ થતું હોય સ્વાભાવિક રીતે બધું,*
*તેમ તેવું થવા દે છે તે અનુભવી સુતરું.*

**શ્રીમોટા :** એટલે દા.ત., હું છું. હું અનુભવી છું. મારે કંઈ ઉપાધિ નથી જોઈતી. કે સંત-મહાત્મા પાસે લોકો તો અમસ્તા. બધાં કહે મોટા તો સંત છે. એમની પાસે માળા હાળા લોકો પાસે માપવાનું થરમૉમિટર છે ? એ તો ઠોક્યા કરે. એમ ને એમ એકબીજા.

ત્યારે હું તો કંઈ નથી, પણ દાખલા સમજાવવાને ખાતર. કે મારામાં એટલે કોઈ અનુભવીને એમ કહોને. કોઈ અનુભવીમાં જુદા સ્થૂળ પ્રકારનાં, સૂક્ષ્મ પ્રકારનાં અને નિમિત્ત પ્રકારનાં નિમિત્તો છે. એ નિમિત્તને એ જાણે છે. એ ધારે તો કાળને ક્ષણમાં ટૂંકાવી દે. અનંતકાળ સુધી એ લંબાવે છે. સહજપણે. કોઈ ઈરાદો-બિરાદો છે નહિ ત્યાં. એ કાળને અનંત કાળ સુધી પણ દઈ શકે અને ક્ષણમાં પણ એ કરી દઈ શકે.

**જિજ્ઞાસુ : મોટા,** એ સહજ…

**શ્રીમોટા :** સહજ.

**જિજ્ઞાસુ :** પણ તે ગુજરાતીમાં ઓછું સમજાય છે.

**શ્રીમોટા :** હા. પણ તે હવે શું થાય એનું ?

**જિજ્ઞાસુ :** એ જે સહજ કહે છે એનું પાછું એનું વિશ્લેષણ કરવા જાય. વિશ્લેષણ એટલે કે પછી માનસિક રીતે એનું Intellectualize કરે છે.

**શ્રીમોટા :** હા. તે આપણે બરાબર છે.

**જિજ્ઞાસુ :** એટલે જે મૂળ.

**શ્રીમોટા :** ના. તમે હવે નિમિત્ત આપ્યું. તેનું કોક વખતે હું સમજાવીશ. મારાં લખાણમાં હું એ સમજાવીશ ખરો, પણ અત્યારે મારો જમવાનો વખત થાય છે સાહેબ, દશ વાગ્યે હું જમું. ગમે તેમ જમતો નથી. મારે યદ્વાતદ્વા ચાલે નહિ. સૂર્ય ચાલે છે ગમે તેમ ? એક માણસ જ એવો પાક્યો કે સ્વચ્છંદી. મૃત્યુ હોય તો એક પળવાર ખમશે

સાહેબ ? એટલે માફ કરજો. અત્યારે એ નહિ થઈ શકે મારાથી, પણ તમે મને કહ્યું તે સાચી વાત છે. હું કરીશ. હવે એ મારા તો ખ્યાલમાં છે. મારી પાસે એની સમજણ છે. મારે કાંઈ પુસ્તક ખોળવા જવું પડે એમ નથી. Encylopedia મારે રાખવી પડે એમ નથી એ તો હું કરી દઈશ. એમાં પણ આપણે આ પૂરું કરી દઈએ. નહિ તો પછી મારે વખત ના થાય.

**શ્રીમોટા :** હવે એને એ સ્થિતિ નકારાત્મક નથી. Positive છે.

**જિજ્ઞાસુ :** આ પહેલાં તો આ લખ્યું.

**શ્રીમોટા :** એમ ના લખો.

## નિમિત્ત જાગી ઊઠતાં નિમિત્ત વિજ્ઞાન લખાયું

**જિજ્ઞાસુ :** *નિમિત્ત જાગી ઊઠતાં લખાયેલું આ નિમિત્ત વિજ્ઞાન તો,*
*વિજ્ઞાન મહાસિંધુમાંનું એક બિંદુ જ માત્ર છે.*

**શ્રીમોટા :** એમ જ છે. એ બરોબર છે.

**જિજ્ઞાસુ :** *એ વિજ્ઞાનનો પાર પામી શકાય તેમ નથી.*
*નિમિત્ત રહસ્યનું જે નિર્માણ થવા પામ્યું.*

## અનુભવીની સહજતાનું ધોરણ

**શ્રીમોટા :** પ્રસરે જેમ આકાશ. એને પ્રસરવાનું તો હોતું નથી. આ તો બોલવું પડે છે એટલે કહું છું

*પ્રસરે જેમ આકાશ સહજતાનું તેમ છે,*
*આત્માની ગતિ શી તે સાચી સહજતા જ તે.*

આ એક વ્યાખ્યા. મેં તો ટૂંકામાં ટૂંકી સાહેબ તત્કાળ આપી દેવાની.

હવે એને આ દુનિયા નહિ સમજી શકે. અનુભવીની સહજનું ધોરણ. દુનિયા કેવી રીતે એના conceptionમાં આવવાનું છે ? તે આપણે બધું શું કરવા આશા, અપેક્ષા રાખીએ ? એને જેમ વહેતું હોય તેમ મસ્તીથી વહેવા દો. સાલી, દુનિયા તો અત્યારે કોને સમજે છે ? એ તો કબરને પૂજવાવાળી સાલી.

કયે દિવસે એને થઈ ગયેલા માણસોને ? એમને ઈશુ ભગવાનને બાર શિષ્યો. એ ક્યાં એને સમજતા હતા ? તેવા એકે તો એનું ખૂન કરાવ્યું. કે આ કૂકડો બોલશે તે પહેલાં ત્રણ વાર નકારીશ. પેલો કહે ના, ના, એવું તો હોય પ્રભુ ? અલ્યા, તું રહેવા દે બોલવાનું. છાનોમાનો, તું હવે અમસ્તો.

**સાહેબ, ઘણાં બધાં મને મળેલાં છે. અનેક પ્રકારનાં એ લોકોએ ખૂન કર્યાં છે. તોપણ મેં એમનો સંસર્ગ છોડ્યો નથી. આ મારો વૈકુંઠ બેઠો. અને ગમે તેમ સ્વચ્છંદપણે પ્રવર્તેલા હું મારી નજરોનજર જોઉં પણ કોઈ દિવસ મેં એમને મારો અભાવ પ્રગટવા દીધો નથી. એ સહજનું ધોરણ આત્માની ગતિ સિવાય કોઈ દિવસ પ્રગટી શકે જ નહિ એટલે–**

*"પ્રસરે જેમ આકાશ સહજતાનું તેમ છે.*
*આત્માની ગતિ તે છે."*

## અનુભવીમાં નિમિત્ત પ્રમાણે ચેતનના ગુણ પ્રગટે

આપણા લોકો બધાં ઠોકી મારે છે ભગવાન, ભગવાન. તે બધાં સમાજને ભ્રમણામાં નાખે છે. ચેતન અને શરીરવાળો જીવ અનુભવી છે, એને અનુભવીને નિમિત્ત છે, છે ને છે જ. બધા અત્યાર સુધીનાં અનુભવશાસ્ત્રો કહે છે. સાહેબ શું ?

શાસ્ત્ર ના કહેતું હોય તો હું પોતે કહું છું કે એને નિમિત્ત છે. ચેતનને ક્યાં નિમિત્ત છે ?

**જિજ્ઞાસુ :** ના. બરાબર છે. Absolute...... હા જી, હા જી.

**શ્રીમોટા : એટલે સર્વત્ર ગુણાતીત થઈ શકે છે, દ્વંદ્વાતીત, સ્થળાતીત, કાળાતીત એ થઈ શકે છે. અનુભવી. પણ નિમિત્ત હોય ત્યાં. નિમિત્તમાં ચેતનના બધા જ ગુણ એને. પણ તે સિવાય નહિ. ત્યારે એ મર્યાદા ચેતનને નથી, કોઈ હોય તો બતાવો.**

ત્યારે એને કેવી રીતે! સાલા, એ બધાં લઈ મંડેલા છે. બ્રહ્મ અને ભગવાનની વાત લઈને. તો એ તો જ્ઞાન સમજતા નથી. મારી દૃષ્ટિએ

હું તો કહું. નિમિત્તમાં ચેતનના જ ગુણધર્મ. એમાં ફરક નહિ. આ તમે સમજી ગયા. મારું ખોટું હોય તો મને કહો. ગમે તે કોઈ કહી શકે છે. મારી સમજણ આપણે ફેરવવાને તૈયાર છીએ. ભગવાનની કૃપાથી. **પણ મને અનુભવે આ સાચી વાત લાગી છે કે નિમિત્તમાં ચેતનના ગુણધર્મ. બાકી તો એની મેળે છાનોમાનો પડ્યો રહ્યો હોય.**

**શ્રીમોટા :** વાંચો સાહેબ આગળ.

**જિજ્ઞાસુ :** .........

**શ્રીમોટા :** એ હું સાચું કહું, પણ એ મને આવડશે એટલું હું સમજાવીશ, કારણ કે બુદ્ધિ એટલા માટે. સાલા, બુદ્ધિ તને શું કરવા આપી ? ભગવાન કહે મેં. આ બધું સમજવા અને જાણવા આ પૃથક્કરણ કરીને જે તે બધું સમજવા. એનું સ્વરૂપ તને સમજાય માટે તારી બુદ્ધિ છે.

એટલે બુદ્ધિ હોવાથી એમ કશું કહી દેવું આ અગમ છે કે અગોચર છે. અવર્ણનીય છે એ નહિ ચાલી શકે. એટલે મને કારણ કે આ બધાંમાં આ બધાંનું શાસ્ત્ર મૂળે ભણેલો નહિ હોવાથી એટલે મને તળપદા શબ્દો ન આવડે, પણ શબ્દ મારી મેળે. મારા પોતાના. હું કહીશ ખરો. મને કહો સાહેબ.

## શૂન્યાવસ્થાની સમજણ

**જિજ્ઞાસુ : ''સૂક્ષ્મ નિમિત્તથી પણ પર એવું તે સૂક્ષ્માતીત બીજ છે. આવા સૂક્ષ્માતીત નિમિત્તરૂપી અવ્યક્ત બીજમાંથી.'' પછી મેં ટીપ્પણ એવું લખ્યું છે 'રહસ્યપૂર્ણ વિજ્ઞાન વ્યક્ત થતું હોય છે. હવે એ મને બહુ સ્પષ્ટ નથી.'**

**શ્રીમોટા :** એમ છેને કે આ શૂન્ય બોલીએ છીએ તે Contradiction થઈ જાય છે. એક આપણી સમજમાં ઊતરવાને માટે કાંઈક હોવું જોઈએ. માટે આપણે શૂન્ય કહ્યું. બાકી શૂન્ય એટલે કંઈ કશું નથી એ એમ કહીએ તે પણ Contradiction થઈ જાય. શૂન્ય કહેવું એ પણ

Contradiction થઈ જાય. કંઈક કશુંક છે એમ કહીએ તે પણ Contradiction થઈ જાય છે.

**જિજ્ઞાસુ :** મર્યાદા.

**શ્રીમોટા :** એવું થઈ જાય છે, પણ આપણે એક સમજવાને ખાતર શૂન્ય લીધું. એ શૂન્ય જે છે એમાં કાંઈ કશું નથી. અનુભવીને પણ એ શૂન્ય અવસ્થા પાકે છે. **એ હરિરસમાં એકદમ એકાકાર, કેંદ્રિત અને પળેપળ સચેતન અને તે કાળે એ અવસ્થામાં સાક્ષીભાવ પણ નહિ જેવો. બિંદુરૂપ. સાક્ષીભાવેય નથી ત્યાં. એવી એક સ્થિતિ. એ સ્થિતિ એ શૂન્ય અવસ્થા હું કહું છું એને.**

## શૂન્યાવસ્થા કેમ મોળી પડી તે સંશોધનનો વિષય છે

એ જે શૂન્ય અવસ્થા છે. ત્યાં આકાશ વગેરે છે પણ બીજરૂપે. તદ્દન સૂક્ષ્માતીત બીજરૂપે. એમાંથી પછી એ જરા મોળી પડી. હવે શાથી મોળી પડી ? કેમ મોળી પડી ? એ બધાં કારણો હજુ નથી શોધાયાં.

હજુ એના સંશોધનમાં હું છું. મારા અંતરમાં મને મનન-ચિંતવન ચાલે છે. કારણ કે જે પરિસ્થિતિ આપણે અનુભવી હોય એ તો આપણા માટે નક્કરતા હોય. હવે એવો જે એવી જે કેંદ્રિતતા, ઓતપ્રોત, એકાકારપણાની રસમાં સંપૂર્ણપણે તાદાત્મ્ય, તદ્રૂપ, એકરસ એવી એક સ્થિતિ છે. એમાં સાક્ષીની સભાનતા પણ થોડીક, નહિ જ જેવી. બીજરૂપે છે. બધું જેમાં ને તેમાં બીજરૂપે છે. તે મુખ્ય વાતાવરણમાં.

ત્યારે એમાંથી એ અવસ્થા અનુભવીની છે. થઈ છે કોઈક ભૂમિકામાં, કોઈક ઠેકાણે, કોઈક કાળે, તેમાંથી જ્યારે સહેજ મોળું પડ્યું. પેલી જે સઘનતા એની થયેલી છે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પ્રકારની એ મોળી પડી. કેમ મોળી પડી ? એ પછી સંશોધનનો વિષય છે.

એ હજુ મારા માટે પણ સંશોધનનો વિષય છે. કે મોળી પડી એટલે આકાશતત્ત્વ આવ્યું. સાક્ષીભાવ આવ્યો. પેલામાં. અનુભવીની વાત કરું છું. હવે એને બીજાં તત્ત્વો. બીજાં આકાશ એટલે તેજ, વા,

જળ, પૃથ્વી છે ખરાં, પણ હું એમ કહું. મોખરે એકલું આકાશ જ એને રહે. અને આકાશતત્ત્વ મોખરે રહેતું હોવાથી જ એને કંઈ કશાનું બંધન નથી. એ દ્વંદ્વાતીત છે, સ્થળાતીત છે, કાળાતીત છે, ગુણાતીત છે, બધું જ છે. અને એટલે એનામાં ચેતનનો ગુણધર્મ છે. આકાશતત્ત્વ એનામાં મોખરે હોય છે. અને આકાશતત્ત્વને લીધે બધે પ્રસરે છે.

**શ્રીમોટા :** હવે આપને પ્રશ્ન શું છે આમાં ?

**જિજ્ઞાસુ :** ..............................

**શ્રીમોટા :** આવી જે અવસ્થા અનુભવીની થાય છે. ચેતનની તો વાત કરતો નથી. અનુભવીની વાત કરું છું. આવી જે એકાકારપણાની સંપૂર્ણપણે કેંદ્રિત ને કેંદ્રિત, કેંદ્રિતમાંયે કેંદ્રિત, જે રસસ્વરૂપ, તાદાત્મ્ય, એકરસ. આ તો બોલવું પડે છે એટલે કહું છું. એક થઈ ગયો છે. ત્યાં સાક્ષીનું બીજ છે અને આકાશનું બીજ છે. શૂન્ય અવસ્થા એને કહું છું. આને. આ અવસ્થાને.

એ શૂન્ય અવસ્થા જે છે. એ કોઈક કારણથી કારણ વિના તો કંઈ કશું બનતું નથી, કારણ કે આપણે જ્યારે ભાષાની સ્થિતિમાં ઊતરવું પડે ત્યારે આમ કહેવું જ પડે. કે આ જે અવસ્થા છે. એમાં દરેકમાં ઓછાવત્તાપણું છે. આપણે જોઈએ તો.

આપણામાં કોક વખતે ભાવ ભભૂકે છે. કોક વખત મોળો પડી જાય છે. કોક વખતે Passions થાય છે. કામનાની. એમાં પણ ઓછાવત્તાપણું છે. એક વખત ભભૂકે જોરદાર. લોભ પણ એવો ભભૂકે. પછી મોળો પડતો હોય છે. એક સ્વાભાવિકતા છે એમાં. આ સ્વાભાવિકતાનું વલણ છે. પણ કેમ એ થયું ? શાથી થયું એમ ? એનું એ સંશોધન માગી લે છે.

આ જેમ ભાઈએ મને જયંતીભાઈ આચાર્ય સાહેબે કહ્યું, સાહેબની વાત તો તરત જ મને એનો ખ્યાલ. તરત જ લખી આપ્યું. વાર ન લાગી. એવી રીતે આ મારી પાસે અત્યારે નથી. એ મારે કબૂલ કરી લેવું જોઈએ. પણ એમાંથી જેમ આકાશતત્ત્વ થયું. એ શૂન્યમાંથી પ્રવર્ત્યું. એકડો એક આવ્યો. અને પછી એમાંથી બધું વધ્યું પછી. આપમેળે.

સહજ પ્રક્રિયા છે. એ પછી બધી. શું ?

## શૂન્યાવસ્થામાંથી આકાશતત્ત્વમાં આવવાનું કારણ કોઈ પ્રકારનો ક્ષોભ

**જિજ્ઞાસુ :** હા જી, હા, જી.

**શ્રીમોટા :** એકમાંથી બીજું થાય. બીજામાંથી. પણ એમાં એક વસ્તુ છે. શાથી થાય છે એનું એક મને બીજી ભૂમિકા ઉપર. પેલામાં નથી થતું મને. પણ કોઈ ને કોઈ પ્રકારે ક્ષોભ થાય છે.

**જિજ્ઞાસુ :** ક્ષોભ. હા જી, હા જી. ક્ષોભ થાય છે.

**શ્રીમોટા :** આ તો મારી સમજણ.

**જિજ્ઞાસુ :** એવું આપણે સાંખ્યદર્શનમાં ક્ષોભ જ શબ્દ વાપર્યો છે.

**શ્રીમોટા :** શું વાત કરો ?

**જિજ્ઞાસુ :** પહેલાં કશું જ હોતું નથી.

**શ્રીમોટા :** કાંઈક કશાનો ક્ષોભ થાય છે.

**જિજ્ઞાસુ :** એકદમ ક્ષોભ થયો અને પછીથી બધું થવા લાગ્યું. એવું આવે છે.

**શ્રીમોટા :** હવે એ કેમ થયો ? એ હજુ મને.

**જિજ્ઞાસુ :** સૂક્ત છે ઋગ્વેદમાં. એમાં પણ આ વાત છે. સાંખ્યદર્શનમાં પણ એવું છે.

**શ્રીમોટા :** ઓહો!

**જિજ્ઞાસુ :** એ બધું સામ્ય અવસ્થામાં છે.

**શ્રીમોટા :** સાહેબ અનુભવની દશામાં.

**જિજ્ઞાસુ :** અજ્ઞાતરૂપ દશામાં. અજ્ઞાતરૂપ શબ્દ વાપર્યો છે. કશું વ્યાકરણ થયેલું નથી હોતું.

**શ્રીમોટા :** ના, ના.

**જિજ્ઞાસુ :** પણ એ અવ્યાકૃતદશામાં હોય છે અને પછી ક્ષોભ થાય છે. અને વ્યાકરણ થવા લાગે છે. એટલે Manifestation થવા લાગે છે.

**શ્રીમોટા :** બરાબર. એટલે આવી રીતે પછી.

**જિજ્ઞાસુ :** એટલે આપ જે કહેવા માગો છો....

## ક્ષોભ થવાનું કારણ

**શ્રીમોટા :** હા જી. એ વાત સાચી છે. એનું કારણ તો આ છે. એક ક્ષોભ થાય છે. એમાંથી બધું જન્મે છે. હવે એ ક્ષોભ કેમ થાય છે ? એ કોઈ શાસ્ત્ર કહે છે ?

**જિજ્ઞાસુ :** નથી આવતું.

**શ્રીમોટા :** બરોબર.

**જિજ્ઞાસુ :** *અશાંતિ જે આઘાત કોરે, તાઈ તો બિના બાજે,*
*અશાંતિ આઘાત કરે છે માટે વીણા લાગે છે.*

**શ્રીમોટા :** બરોબર છે.

**જિજ્ઞાસુ :** *અશાંતિ જે આઘાત કોરે તાઈ તો બિના બાજે.* એ ક્ષોભ જેવું આપ કહો છો.

**શ્રીમોટા :** હા, એમેય હોય. હવે એ કેમ થાય છે ?

**જિજ્ઞાસુ :** તો. એ Explanation.

**શ્રીમોટા :** હા. તે જ કહું છું, પણ એ તો મારો સ્વભાવ એવો મારા ગુરુમહારાજ કહે એમ બેસી ના રહેવાય બેટા.

**જિજ્ઞાસુ :** ના, એનો જવાબ આપ્યો છે **મોટા.** એટલે એ કહે છે સ્વભાવ છે.

**શ્રીમોટા :** હા, તે તો હું કહું છું. એક સ્વભાવ છે.

**જિજ્ઞાસુ :** જો એવું કહો તો એમ એ Logical આવતું નથી.

**શ્રીમોટા :** હા. ના આવે.

**જિજ્ઞાસુ :** પછી How can you explain ?

**શ્રીમોટા :** હા. એ હું કહું છું. એ સ્વભાવ છે. એ તો કહું છું. કેટલીકવાર મારાં લખાણમાંય આવે છે કે સ્વભાવ છે, પણ સ્વભાવનું કાંઈ કશાથી Formation થાય છે, પણ એ કેમ થાય છે ? એ નથી. હવે સ્વભાવ જો કહીએ.

**જિજ્ઞાસુ :** ચૈતન્ય સાથે શાંત પેલો ક્ષોભ.

**શ્રીમોટા :** ત્યારે એમ કહીએ કે સ્વભાવ છે, પણ આ સ્વભાવ Formation થાય. કાંઈક કશાથી થાય છે. એ આપણી બુદ્ધિ અત્યારે સ્વીકારે છે.

**જિજ્ઞાસુ :** એનો આધાર જોઈએ.

**શ્રીમોટા :** આધાર જોઈએને સાહેબ.

**જિજ્ઞાસુ :** બુદ્ધિ નથી.

**શ્રીમોટા :** ત્યારે આધાર કોણ ?

**જિજ્ઞાસુ :** એ નથી જડતું.

**શ્રીમોટા :** હા. એ નથી જડતું. પણ એ એમ બેસી રહ્યે નહિ ચાલે.

**જિજ્ઞાસુ :** ના. એટલે આ 'ગૌપદકારિકા'માં એમ આવે છે. એ કેમ સર્જન થયું ? Who would have ask that question ? ઈશ્વર એટલે સ્વભાવ હોય એમ.

**શ્રીમોટા :** ના. એ તો હું સમજું.

**જિજ્ઞાસુ :** હા. કહો, કહો.

**શ્રીમોટા :** એ લોકોએ એમ કહ્યું એમ માને આ બધાં શું સમજવાના ? નકામા. અહીં બધું ના નાખવું. બીજ. ખરો હોશિયાર માણસ ખેડૂત હશે તો પોતાનું બીજ ગમે તેવી જમીનમાં નહિ નાખે સાહેબ. જમીનને બીજ ઉગાડવાની સંપૂર્ણ યોગ્યતાવાળી સ્થિતિ હોય ત્યાં જ બીજ નાખે.

હું કાંઈ આધ્યાત્મિકતાની વાત જ ના કરું. આ તો બધી નિમિત્ત. મેં તમે લખાવ્યું એટલે લખ્યું. એટલે બધી વાત કરું છું. બાકી મને આ તમે પ્રશ્ન કરો તો એનો જવાબ એટલો કે આ છોકરો ભણ્યો નથી. શાસ્ત્રો વગેરે પણ સમજે છે ખરો.

**એટલે તમને બધાંને આ ભણેલાંઓને પ્રતીતિ થાય, ભગવાનની કૃપાથી. અને આ ભગવાનના માર્ગ ઉપર શાસ્ત્રો મૂકી—આ શાસ્ત્રો—બાસ્ત્રો મૂકીને પ્રત્યક્ષ કરતા થાવ. બાકી કંઈ અર્થ નહિ સાહેબ આનો.**

॥ હરિ:ૐ ॥

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૧૪

## શ્રીમોટાનું આધ્યાત્મિક વિજ્ઞાન

સંપાદક :
શ્રી રજનીભાઈ બર્માવાળા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥


Bless the departed soul oh Lord
With full peace of mind and heart,
Do all his good, oh God,
In every way possible.
Make him free and carefree
From all the bonds of the *Jivas*
With whom He came in the contact
In all the past till now.

**અન્યાય ભોગવી લેતાં આવડે દિલ જેહને**
**એવો સજ્જન સદ્‌ભાવી, દુર્લભ મળવો જગે.**

**Shree Laxmanbhai R. Gandhi (Bachubhai)**
Birth : 1-2-1928 Death : 7-9-1990

**– Indravadan Sharedalal**

॥ હરિઃૐ ॥



**Pujya Shri Mota**

Born September 4, 1898

Mortal Coil Abandoned July 23, 1976

હેતુની વિસ્મૃતિ એનું નામ જ મૃત્યુ

"Forgetfulness of life's aim is Death itself"

**એ સમજ શું કામની જો હોય એ ન ક્રિયાવંત**

"Any such understanding serves no meaning if same does not reflect in daily life."

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. જીવની ગતિ ........................................ ૪૧
૨. આધ્યાત્મિક વિજ્ઞાન ................................ ૪૧
૩. ધર્મ ................................................ ૪૪
૪. ધર્મ-લક્ષણ .......................................... ૪૫
૫. સમાજ .............................................. ૪૫
૬. ગુણ-વિકાસ ધર્મ .................................... ૪૬
૭. સર્વત્ર પ્રભુભાવ ...................................... ૪૮
૮. શ્રીમદ્ રાજચંદ્ર ...................................... ૪૯
૯. ધર્મપાલક ........................................... ૫૦
૧૦. ઊથલપાથલ ........................................ ૫૦
૧૧. ફ્રાંસની ક્રાંતિ ..................................... ૫૨
૧૨. ધર્મપાલકનાં લક્ષણ ............................... ૫૨
૧૩. સમાજોત્કર્ષ ........................................ ૫૩
૧૪. સમાજ એ ‘ભગવાન’ ................................ ૫૪
૧૫. કુંડલિની ............................................ ૫૫
૧૬. ‘અનુભવી’ થયા પછી .............................. ૫૯
૧૭. કર્મનો બદલો ....................................... ૬૧

॥ હરિઃૐ ॥

## 'જીવ'ની ગતિ

**સ્વજન : મોટા,** શરીર છૂટ્યા પછી 'જીવ'ની ગતિની બાબતમાં કાંઈક કહો એવી અમારી વિનંતી છે.

**શ્રીમોટા :** 'જીવ'ના અવસાન પછી થતી ગતિ સાબિત કરી શકાય એવી નથી, પણ આ વાત સાચી છે. તેર દિવસ વાતાવરણમાં એ 'જીવ' રહે છે. અનંત જન્મોનો એને અભ્યાસ છે. એ અભ્યાસને લીધે એનામાં શક્તિ હોય છે. આ 'જીવ' છે તે આપણી સાથે કેટલાંય વર્ષો રહ્યો, ને આપણી સાથે જે માયા-મમતા બંધાઈ છે, તે એકદમ જતી નથી રહેતી. એક વર્ષ સુધી તો એનો સંબંધ પૃથ્વી પર રહે છે. પહેલે મહિનેથી બીજે મહિને ઓછો. બીજે મહિનેથી ત્રીજે મહિને ઓછો. આપણામાં વરસી વાળવાનો રિવાજ છે, અને **તેરમા દિવસે પિંડ વહેરે છે**—જો તમને બધાંને યાદ હોય તો. એ પિંડ વહેરવાનો અર્થ એ જ છે, કે **હવે અહીંથી આપણા વાતાવરણમાંથી જીવનું અલગ થવાપણું બને છે,** એટલે એ હકીકત તદ્દન સાચી છે. માટે કોઈ આ બાબતમાં—શરીર અંગે મેં નક્કી કર્યું હોય એ બાબતમાં—કે એને આવી રીતે ઉપયોગ કરવાની બાબતમાં કોઈ અનુકરણ કરશો નહિ. બાકી, જેને જેમ કરવું હોય એમ કરવાની છૂટ છે.

## આધ્યાત્મિક વિજ્ઞાન

**સ્વજન : મોટા,** આધ્યાત્મિક વિજ્ઞાન વિશે સમજવું છે.

**શ્રીમોટા :** એનું પણ એક શાસ્ત્ર છે અને એમાં અધિષ્ઠાતા ચેતન છે. ચેતનને અનેક નામ દો અને નામ ન દો તોય ચાલે. એને નામ તો આપણે આપેલાં છે. ઘણાં ભક્તોને, જ્ઞાનીઓને, યોગી-પુરુષોને જુદા-જુદા અનુભવ થયા છે. કોઈએ 'કરુણાળુ' કહ્યો, કોઈએ એને

'પતિતપાવન' કહ્યો. એવાં અનેક નામો, હજાર નામો આપ્યાં એટલે આપણે ત્યાં તો સહસ્રનામ છે. એનું સંસ્કૃતમાં પુસ્તકેય છે. જાની સાહેબ, શું નામ એનું ? હજાર નામ છે એને 'વિષ્ણુસહસ્રનામ' કહે છે.

ત્યારે એક રીતે નામ દઈએ તે પણ Contradiction થઈ જાય છે. 'વિરોધાભાસ' થઈ જાય છે. એને નામ આપો તો એ લિમિટેડ—મર્યાદામાં આવી જાય છે. **એ તો 'અમર્યાદ' છે. એના વિસ્તારને કોઈ સીમા નથી, અને કોઈ નક્કી સ્વરૂપ નથી. એવું જે ચેતન ને એના પરત્વેની જે વિદ્યા તેને 'આધ્યાત્મિક વિજ્ઞાન' કહે છે.**

એ વિજ્ઞાનમાં—ચેતનના વિજ્ઞાનમાં Personality—વ્યક્તિત્વ બિલકુલ રહેતું નથી. અહીં બેઠેલા, આ બાબતના ભલે વિદ્વાનો હોય, પણ એવા વિદ્વાનોને મારી નમ્ર વિનંતી છે કે મારી ભૂલ હોય તો જરૂર સુધારજો–પછી મળજો મને.

ભગવાન—ચેતનમાં વ્યક્તિ-જીવ જ્યારે ભળી જાય છે, એકરસ થઈ જાય છે ત્યારે એ વ્યક્તિ રહેતી નથી, વ્યક્તિ હોવા છતાં એ વ્યક્તિ નથી. વ્યક્તિ હોવા છતાં એનું વ્યક્તિત્વ છે નહિ. ત્યાં પણ આપણા દેશમાં અને બધેય, આપણા દેશમાં એકલા નહિ. બધેય—ઈસ્લામ ધર્મમાં, ખ્રિસ્તી ધર્મમાં, જૈન ધર્મમાં **બધામાં જ એક Personality cult આવી ગયો. ચેતન વેગળું રહ્યું બિચારું. પણ જે જે સંપ્રદાયો થયા તેના આચાર્યોને મહત્ત્વના સ્થાપી દીધા અને એને મહત્ત્વ આપ્યું.**

એમાં કોઈ, વ્યક્તિત્વ રહેતું નથી. કોઈનું, કોઈ તત્ત્વ વ્યક્તિ રહેતી નથી. વ્યક્તિ હોવા છતાં નથી રહેતી. આ તો એનું ખરું રહસ્ય છે. એટલે એમાં—આધ્યાત્મિક વિજ્ઞાનમાં Personality cult આવી ગયો. તેથી વ્યક્તિને બધાં વળગે, પણ સાચી ખરેખરી પ્રમાણિકતાથી સત્યને અનુભવવાની અને સત્યને પામવા માટેની ઉત્કટ ઝંખનાથી, હેતુની સભાનતા સાથે જ્ઞાનભક્તિપૂર્વક એવી વ્યક્તિને પણ જે વળગે છે, અને એને જ્યારે અનુભવ થાય છે, ત્યારે એના મગજમાંથી પણ એ વ્યક્તિ—જે વ્યક્તિને એ વળગે છે, એ વ્યક્તિ ઊડી જાય છે. 'વ્યક્તિ' રહેતી નથી.

વ્યક્તિની શરૂઆતમાં જરૂર છે, પણ વ્યક્તિ એટલા માટે છે કે માનવી મોટો નથી, ભગવાન મોટો છે. એવી જે જ્ઞાનની ચેતનામાં નિષ્ઠા પામેલ આત્માવાળું શરીર એ છે. શરૂઆતમાં આપણે એનો આધાર લઈએ, પણ એના દ્વારા આપણે ભગવાનને મોટો અનુભવવાનો, પેલા માનવીને નહિ. **આજે માનવીને સમાજે મોટો ગણી દીધો તે મારે આપને બધાંને ખાસ કહેવાનું છે. માનવી મોટો નથી, માનવી દ્વારા ભગવાનને આપણે મોટો અનુભવવાનો છે.**

પણ ઘણાં બધાંને મેં કહેતાં સાંભળ્યાં છે કે બ્રહ્મને અનુભવ્યો એટલે એ બ્રહ્મ. પણ હું 'ના' કહું છું, આ પણ એક ખોટામાં ખોટી માન્યતા છે. જેટલી વહેલી તૂટે એટલી ઉત્તમ છે. **દેહધારી મનુષ્ય ચેતનની ઉચ્ચમાં ઉચ્ચ હિમાલયમાં ઊંચામાં ઊંચું જે શિખર છે. એનાથીય ભલેને એ આગળ જાય, તેમ છતાંય એ 'બ્રહ્મ' ભગવાન નથી.**

જેવું સર્જન ભગવાન કરે છે, એવું એ સર્જન નહિ કરી શકે. અશક્ય વાત મને શાસ્ત્ર ટાંકતાં તો આવડતું નથી, કારણ કે આપણે ભણ્યાં નથી, પણ એ જે શરીરધારી, ચેતનમાં નિષ્ઠા પામેલો જે આત્મા છે, જેને શરીર છે એ ભગવાનની પેઠે સર્જન નહિ કરી શકે. પળે પળ સર્જન થઈ રહ્યું છે, તારાઓ, પૃથ્વીઓ થયા જ કરે છે. સર્જન લય પણ પામ્યા કરે છે. એ પેલાની તાકાત નથી, સાહેબ.

બીજું એક કારણ મારું ખોટું હોય તો બોલજો. વિદ્વાન માણસ મને કહેશે તો કબૂલ કરવાની મારી તૈયારી છે. એ સર્જન નહિ કરી શકે. આપણામાં એક દાખલો છે. એક જ દાખલો કે વિશ્વામિત્રે સર્જન કર્યું. વિશ્વામિત્રે બીજી સૃષ્ટિ સર્જી હતી. હું કહું છું કે આ તો એક Possibility (સંભાવના) છે. એને હું વાસ્તવિકતા નથી કહેતો. એ તો એમ બતાવવાને માટે છે કે આટલો જબરજસ્ત ચેતનામાં નિષ્ઠા પામેલો શરીરધારી આત્મા આવો જબરજસ્ત થઈ શકે છે, એમ એનો અર્થ હું તારવું છું.

મને હમણાં જ એક ભાઈએ લખીને મોકલેલું. મેં એને કહેલું કે, 'ભાઈ, આનો આધાર મને આપો તો સારું.' મારા ઉપર કાગળ આવેલો.

અત્યારે મારી પાસે નથી. નંદુભાઈની પાસે છે. એણે શાસ્ત્રનો આધાર ટાંક્યો છે કે આવો ચેતનમાં નિષ્ઠા પામેલો શરીરધારી આત્મા ભગવાનની પેઠે સર્જન નહિ કરી શકે. એટલો જ મોટામાં મોટો તફાવત છે. એ ભગવાનને આપણને એવો શરીરધારી જે આત્મા છે. **એને નિમિત્ત પ્રગટે ત્યારે એમાં એના ગુણધર્મ આવે છે – ચેતનના જેવા જ અને એનો ત્યારે વિસ્તાર પણ હોય, અમર્યાદ વિસ્તાર, એ વાત પણ સાચી પણ નિમિત્ત હોય ત્યારે જ.** પેલાને નિમિત્ત હોય તો જ એ વ્યક્ત થાય છે ચેતનના ગુણધર્મ પ્રમાણે. એમાં બિલકુલ ફરક નથી, પણ એને–**ચેતના પામેલા શરીરધારી આત્માને–એ નિમિત્ત છે. એ નિમિત્તની એને મર્યાદા છે. ચેતનને કોઈ જાતની મર્યાદા નથી.**

એક ત્રીજી વાત સમજવા જેવી છે કે ચેતનને અનંત વિસ્તાર, ત્યારે શરીરધારી—ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માને એવો પળેપળનો અનંત વિસ્તાર નથી. નિમિત્ત આવે ત્યારે જ—તે સિવાય નહિ, સાહેબ. **મારી સમજણ જે છે તે કહું છું કે ભૂલેચૂકે પણ માનવીને તમે મોટો ન બનાવી દો. ભગવાનને મોટો સમજો. એટલે આ આધ્યાત્મિક વિજ્ઞાનમાં personality cultને કોઈ સ્થાન નથી.** આ મારા પોતાના અનુભવની સમજણથી કહું છું. પ્રશ્ન બહુ સારો છે ને સમજવા જેવો છે. આ પ્રશ્નનો પૂરેપૂરો ઉત્તર આપતાં પહેલાં તો આપણે 'ધર્મ' સમજવો જોઈએ.

## ધર્મ

આપણે પહેલાં ધર્મ સમજવો જોઈએ. ધર્મ એટલે શું ? અને આધ્યાત્મિક જ્ઞાનના પાયામાં ધર્મ રહેલો છે. ધર્મ આચરાયા વિના અને તે પણ સંપૂર્ણ ભાવથી આચરાયા વિના આધ્યાત્મિક જ્ઞાન કોઈને ફલિત ના થાય અથવા તો આધ્યાત્મિક જ્ઞાનમાં સાધના શરૂ કરતાં કરતાં એનામાં ધર્મનો ભાવ જાગ્રત થઈ જાય છે. **ત્યારે ધર્મ એટલે જીવનમાં ઉચ્ચ પ્રકારના ગુણો.** ધર્મ પાળનારને હું તો સરળમાં સરળ સીધી વ્યાખ્યા, બધાંને સમજણ પડે એમ કહું છું. કૉલેજમાં સંસ્કૃત ભણ્યો તો છું ભાઈ, અને ધર્મની વ્યાખ્યા, સંસ્કૃત પ્રમાણે હું કહું, પણ

એ બરોબર નથી લાગતી. આપણે ધર્મ પાળવો હોય તો એનું લક્ષણ હોવું જોઈએ.

## ધર્મ—લક્ષણ

**મારા ગુરુમહારાજે મને શિખવાડેલું કે, "બેટા, જે તે કંઈ લક્ષણથી પારખવું." ત્યારે ધર્મ પાળનાર માણસમાં 'ત્યાગ' અને 'પરમાર્થ' મોખરે હોય એને સ્વાર્થ હોય તો ખરો, એને ઘરબાર, વેપાર-ધંધા, ખેતી, છૈયાંછોકરાં બધું હોય છે. આ બધાંની એને જવાબદારી છે, પણ બધું કરતાં જેટલું મળે છે એ મારા બાપનું એમ નથી. ધર્મમાં ત્યાગ અને પરમાર્થ—બે મોખરે. આ એક સીધીસાદી વ્યાખ્યા આપને હું કહું છું. ધર્મ પાળનાર માણસ અને જે ધર્મ સતત પાળતો રહે છે, એનામાંથી સ્વાર્થ ઓછો થવો જોઈએ. એ સંસારવહેવાર બધું ભોગવતો હોવા છતાં એ મોહ ભૂલી જાય છે. એ બધું કર્મ કરે ખરો—સંસારનું, વહેવારનું, વેપારનું, ધંધાનું તેમ છતાં ખરેખરી ભાવનાથી એ ધર્મ પાળતો હોય તો સંસાર પરત્વેનો એનો મોહ ઘટે, કામક્રોધાદિક પણ ઘટે, અને લોલુપતા પણ ઘટે. ધનની—લક્ષ્મીની લોલુપતા પણ ઘટે. માત્ર શાસ્ત્રો વાંચ્યાં કર્યાં કે ઉપનિષદોની કથા સાંભળી કે ઉપનિષદો કે ગીતાનો રોજ અધ્યાય કરે, કે 'ગીતાનો અધ્યાય કર્યા વગર હું જમું જ નહિ'—એમ ભલે કહેતો હોય. ક્રિયાકાંડને પણ હું ધર્મની દૃષ્ટિ વડે ના પાડું છું. ધર્મ તો આપણા જીવનના તાણાવાણામાં ઊતરી જાય. આચરણ થાય ત્યારે—ત્યાગ અને પરમાર્થ બે મોખરે હોય ત્યારે—આપણે ધર્મનું પાલન કરીએ છીએ એમ સમજવું.**

## સમાજ

બીજું, ધર્મનું પાલન કરતાં કરતાં આપણને આપણા કર્તવ્યનું—આપણે જે કંઈ રળીએ છીએ, જે કાંઈ મળે છે એમાં આપણે પોતે હોતા નથી, તમે વિચારી જોજો બુદ્ધિથી. જે કાંઈ આપણે મેળવીએ છીએ એમાં આપણા કરતાં બીજી વ્યક્તિઓ પણ સંકળાયેલી હોય છે. એટલે પણ સમાજ સંકળાયેલો છે. એક માણસ એમ ને એમ—ધારો કે 'મેં

ખેતી કરી', એ એકલો ન કરી શકે. મારે દાડિયાની—મજૂરોની બીજા બધાંની જરૂર પડશે. આજે ખેતીની અંદર દવાઓ નાખવાની પણ જરૂર છે. એટલે એ બનાવનારની સાથે આપણે સંકળાયેલાં. મજૂરોની સાથે સંકળાયેલાં. જો એ વેચવા જઈએ તો એની સાથે પણ સંકળાયેલાં. એવી રીતે જો હું વેપાર કરતો હોઉં તો સમાજની સાથે હું સંકળાયેલો. જે કાંઈ લક્ષ્મી મેળવવાનું સાધન છે, તે લક્ષ્મી મેળવવાના સાધનમાં સમાજ સંકળાયેલો છે.

તો જો આપણે ખરેખરી રીતે ધર્મનું પાલન કરતાં હોઈએ, તો આ ઋણને ભૂલી ના જાય. ધર્મનો માણસ, ધર્મનું યથાયોગ્યપણે જ્ઞાનભક્તિપૂર્વક પાલન કરે છે, એ માણસ ઋણને ભૂલતો નથી. આપણા અનુભવીઓએ, ઋષિમુનિઓએ કહ્યું છે. **પાંચ જાતનાં ઋણ કહ્યાં છે.** કયાં કયાં તે મને ખબર નથી. આ જાની સાહેબ બેઠા છે. તે કહી શકે, પણ એવી મને ખબર છે કે **પિતૃઋણ, દેશનું ઋણ,** એટલે કે આપણાથી આ સમાજમાં જીવતાંજાગતાં એવા ભગવાનને પંથે પડેલા, **ભગવાનને અનુભવેલા એવા જે 'જીવ' છે તેમનું પણ આપણા પર ઋણ છે,** કારણ કે સમાજના દિલમાં—સમાજના હૃદયમાં, એ લોકો ભાવનાનું બીજ રોપતા હોય છે. એ કાંઈ નાનુંસૂનું કામ નથી, બહુ મોટાંમાં મોટું કામ છે. એ લોકો જે બીજ રોપે છે, એ બીજ ક્યારે ફૂલેફાલે તે કહી શકાય તેમ નથી, પણ બીજ રોપે છે ખરા. એનું પણ ઋણ છે. **ધરતીમાતાનું ઋણ.** ધરતીમાતામાં આખો સમાજ આવી ગયો. એ સમાજનું ઋણ. એવાં બીજાં બે ઋણ છે. મને યાદ નથી આવતાં પણ એવાં પાંચ જાતનાં ઋણ છે, જે આપણે અદા કરવાં જોઈએ અને ઋણ જે અદા ન કરતો હોય, એ ધર્મનો માણસ કદી નહિ ગણી શકાય.

## ગુણવિકાસ ધર્મ

વળી, આપણે ધર્મ ખરેખર પાળતાં હોઈએ તો આપણામાં ઉત્તમ ગુણોનો ઉદય થતો જાય—વિકાસ થાય. ગુણોનો વિકાસ થાય. સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ, ત્યાગ, ઉદારતા, વિશાળતા, બીજાને

માટે ખપમાં આવવું, આપણે જાતે પ્રેમપૂર્વક બીજાને માટે ઘસાવું. આવા કેટલાય ગુણોનો વિકાસ થાય છે. હું તો કાંઈ શાસ્ત્ર ભણ્યો નથી અને મેં કાંઈ વાંચ્યું પણ નથી, પણ મારામાં જે સમજણ છે, તે કહું છું. શાસ્ત્રનો આધાર તો પેલા જાની સાહેબ બેઠા છે, એવા કોઈ કાઢી આપે તો કાઢી આપે, પણ આવા ગુણનો વિકાસ થાય. ઉત્તમ પ્રકારના ગુણ હોય તો જ આપણી માનવતા કહેવાય. નહિતર માનવતા નહિ. ધર્મનું પાલન કરતાં કરતાં આવી માનવતાની ભાવના પણ જાગે છે. બીજું, ધર્મનું પાલન કરતાં કરતાં એક કદરભાવના જાગે છે. **સમાજમાં જે ઉત્તમ પ્રકારનું સર્જન થતું હોય તેની કદર કર્યા વિના ધર્મનો માણસ કદી રહી શકે નહિ. સમાજનું ઉત્થાન થાય, સમાજની બઢતી થાય, સમાજ અનેક ક્ષેત્રે સમૃદ્ધ થાય તેમાં એ ભાગ આપે છે—પ્રેમથી, ઉમળકાથી, મસ્તીથી, એટલું જ નહિ પણ પોતે કાંઈ ધંધો કરતો હોય, એ ધંધાની સાથે કારકુનો પણ છે, બીજા બધા માણસો છે. ખેતીવાળાઓ છે. ત્યાં દાડિયા છે. મજૂરો છે. મિલવાળા મિલ ચલાવતા હોય તો મજૂરો છે. એ તો બધા આપણા હાથપગ છે. એના વડે આપણે કમાઈએ છીએ, તો એનું હિત કેમ થાય, એનું સતત આપણને ભાન રહેવું જોઈએ. ધર્મ જે પાળતો હોય તે આ સમાજ સાથે કેટલો બધો સંકળાયેલો છે, એ હું તમને કહેવા માગું છું**—બિલકુલ અતિશયોક્તિ કર્યા વગર અને ખરેખર **ધર્મની ભાવના આપણા જીવનમાં જ્યારે ઉદય થાય છે ત્યારે એ વહેંચીને ખાય છે,** સાહેબ. આજે આપણે ભલે એમ ન કરતાં હોઈએ. હું તો ઘણાંને—બધાંને કહું છું. મારે આવું કહેવાનું આવે છે કે **ભાઈ આ જે કમાવ છો તે તમારા બાપનું નથી.** એમાં અનેક જણાનો ભાગ છે, પણ તમે પચાવી પાડેલો છે. ભગવાન જો પ્રત્યક્ષ હાજરાહજૂર હોય, જો એની કોર્ટ હોય, જો ભગવાનની કચેરી હોય, તો આપણા પર ક્રિમિનલ કાયદો લગાડી દે કે, 'સાલાઓ, તમે ચોરીનું અન્ન ખાવ છો.' માફ કરજો હું તો સામાન્ય માણસ છું. જે આવા શબ્દ મારા મોઢેથી નીકળી જાય છે. કોઈને ગાળ દેવાનો મારો ઉદ્દેશ નથી, પણ એનું પ્રમાણ તો 'ગીતા' આપે છે, કારણ કે 'ગીતા' મેં જરા વાંચી છે.

'ગીતા' તો ચોખ્ખું કહે છે કે ચોરીનું અન્ન ખાય છે. એક ધર્મની ભાવના જ્યારે જાગૃત થાય છે, ત્યારે એની સભાનતા પોતાની અનેક જીવનનાં પાસાંની—એક પાસું નહિ—જ્યાં જ્યાં પોતે સ્પર્શે છે, જ્યાં જ્યાં પોતે સંકળાયેલો છે, જ્યાં જ્યાં પોતાના સંબંધો છે, જ્યાં જ્યાં એની લાગણી જાય છે, તે બધાં પરત્વે એને ફરજ છે અને ધર્મ પાળનારો એવો માણસ એનું પ્રેમપૂર્વક પાલન કરે છે. એટલું જ નહિ, આ ધર્મ સમાજની સાથે કેવી રીતે સંકળાયેલો છે, તે હું કહું છું.

## સર્વત્ર પ્રભુભાવ

આવી રીતે ધર્મને કેટલા સમજતા હશે તે ભગવાન જાણે, પણ **ધર્મ પાળનાર ખરેખરો પોતાના હૃદયથી એ ભાવનાથી ધર્મનું જે પાલન કરે છે તે કદી એકલપેટો હોતો નથી, તે કદી એમ માનતો નથી કે આ બધું મારું છે, એનું મમત્વ ઘટે છે, મોહમાયા ઘટે છે.** ધીરે ધીરે જેમ જેમ એ ધર્મના પાલનમાં ઉચ્ચતર ક્ષેત્રમાં પ્રવેશતો જાય છે તેમ તેમ એને ભગવાન પરત્વેની એની અભિમુખતા જાગે છે અને ભગવાન કાંઈ ઉપર—ગગનમાં વસતો નથી, ભગવાન તો બધાંમાં વસી રહેલો છે. ભગવાનનું ઋણ એને એટલું બધું લાગે છે, કે અહોહો, આ બધું જે તે તમને કહું છું, એમ ને એમ નથી કહેતો. મારા ગુરુમહારાજનો હુકમ છે કે, ''મારા બેટા, તું આચર્યા વિનાનું કહેતો નહિ.'' આ બુદ્ધિથી ઘણાં પુસ્તકો લખ્યાં છે. એના બધા પૈસા મેં આપી દીધેલા છે, એક પૈસોયે રાખ્યો નથી. **આપણે કમાઈએ, ખેતીવાળા કમાય, બીજા બધા કમાય, પણ બુદ્ધિ એમાં મોખરે છે. એ બુદ્ધિ કાંઈ આપણા બાપની નથી, ભગવાનની છે. ચેતનની છે અને જે તે બધું ભગવાનથી થાય છે. ધર્મ પાળનારો, ખરેખરી ભાવનાથી જે ધર્મ પાળનારો છે. તેને એનું ભાન જાગે છે. અને એ સમજે છે કે મારો ભગવાન બધે—બધાંનામાં છે. એ ધર્મ પાળનારો માણસ કોઈને છેતરી નહિ શકે. કદાચ એને વૃત્તિ થાય તો વૃત્તિને વાળશે. એ કોઈને અન્યાય નહિ કરે, છેતરાઈ જશે ખરો. ધર્મ પાળનાર માણસ છેતરાઈ જાય છે, એવું બને ખરું. પણ એ**

**કોઈને છેતરે નહિ. કોઈને અન્યાય નહિ કરે. પોતાને કોઈ અન્યાય કરશે તો પ્રેમપૂર્વક તે સહન કરશે, એટલું જ નહિ પણ એ હજારો રૂપિયાને પણ લાત મારશે.**

## શ્રીમદ્ રાજચંદ્ર

સાહેબ, બનેલી હકીકતનું દૃષ્ટાંત આપું છું. આપણા દેશમાં એક મહાન પુરુષ થઈ ગયા—શ્રીમદ્ રાજચંદ્ર. એ શ્રીમદ્ રાજચંદ્ર બહુ જ્ઞાની પુરુષ હતા, નાનપણથી મને એમના માટે ઘણી ભક્તિ છે અને આધ્યાત્મિક વિજ્ઞાનવાળામાં આ દોઢસો-બસો વર્ષના ગાળામાં ગુજરાતમાં ઘણા આવા 'અનુભવીઓ' થઈ ગયા. સંપ્રદાયો પણ નીકળ્યા તે બધાયનાં કરતાં શ્રીમદ્‌ને(રાજચંદ્રને) આધ્યાત્મિક વિજ્ઞાનમાં, હું મારી સમજણની દૃષ્ટિએ મારે માટે હું એને પ્રથમ પદ આપું છું. એ શ્રીમદ્‌ને ભાન થયું કે પરભવનું મારે અમુક 'જીવ'નું એક લાખ રૂપિયાનું દેવું છે. તે એમને થયું કે, 'આ એક લાખ રૂપિયા મેળવવા ક્યાંથી ? ને મારે એને આપી દેવા પડે. આ ઋણ ચૂકવ્યા સિવાય મારાથી કૈં રહેવાય નહિ.' વિચાર કર્યો કે આપણે વેપાર કરો. મુંબઈ ગયા. રેવાશંકર જગજીવનની પેઢી હજુ હયાત છે, એમાં એ રહ્યા. કમિશનનો પણ ધંધો કરતા હતા અને ઝવેરાતનો ધંધો કરતા હતા. એમાં કોકની સાથે સોદો કર્યો. એમણે લખાણ કર્યું. આ ભાવે આટલાથી આટલું વેચ્યું અને પેલાને ખરીદ કરનારને લેવાનું. સંજોગો અનુસાર એવો કાળ પાક્યો કે જે પેલાએ ખરીદ કર્યું હતું એના તો ભાવ વધ્યા. એટલા બધા વધ્યા કે, એ બિચારો રડતો રડતો શ્રીમદ્‌ને કહે, 'પ્રભુ! આ તો મારાથી અપાય એવું નથી. મારા બાગ-બગીચા, બંગલા, મોટર-ગાડી બધું વેચી દઉં તોયે અપાય એવું જ નથી. મારી તો કપરી સ્થિતિ થઈ ગઈ.' 'અલ્યા, તો રડે છે શું કરવા ? લે, આ ફાડી નાખ્યું સાહેબ, પેલું કાગળિયું.' બધા પૈસા જવા દીધા. આ હકીકત બનેલી છે—એમના જીવનની, **તો ધર્મનો માણસ તો આવો હોય છે.**

## ધર્મપાલક

**ધર્મ પાળનાર માણસનાં માયા-મમતા, અહંકાર આ બધું ઘટતું જાય છે. કામ-ક્રોધાદિ પણ ઘટતા જાય છે અને રાગદ્વેષ ઘટતા જાય છે. એ અન્યાય કરનાર માણસને પણ ચાહે, પ્રેમથી ચાહે, એના દિલથી એને વહાલ કરે, એના પરત્વે એને પૂર્વગ્રહ ના હોય, એને એના પરત્વે અણગમો ન હોય, ઈર્ષા ના હોય, અદેખાઈ ના હોય, વેર હોય જ નહિ. બધાંને માટે એને પ્રેમ હોય. સદ્‌ભાવ હોય.** આ કેટલી બધી સમાજની સેવા, સમાજની સાથે સંકળાયેલો અને સમાજ પરત્વેનો ધર્મ એ બરાબર બજાવે, **કારણ ધર્મ પાળનાર સમજે કે આ જે કાંઈ મારી પાસે છે, તે મારા બાપનું એકલાનું નથી. ભાઈ, એમાં બધાંનો ભાગ છે અને બધાંની સાથે એ વહેંચી વહેંચીને ખાય છે.** વિચારો સાહેબ, કે આવો ધર્મ જો આપણે પાળતાં થઈ જઈએ તો આપણા સમાજનો ઉદ્ધાર થતાં વાર નહિ લાગે. આજે આપણે—સમાજની સમૃદ્ધિ થવાને માટે, બધાં વાતો ઘણી કરે છે. નેતાઓ તો સુમાર વગરની વાતો કરે છે, પણ આ ધર્મ જાગૃત થયા સિવાય એ બની શકવાનું નથી, એની મને પાકી ખાતરી છે.

## ઊથલપાથલ

ધર્મનું પાલન યથાયોગ્યપણે આપણો સમાજ કરતો થઈ જશે ત્યારે સમાજનો ઉદ્ધાર હસ્તામલકવત્ છે, તે થાય ત્યારે ખરું, પણ મારા દિલમાં વિશ્વાસ છે. તે થતાં વાર લાગશે. **ઊથલપાથલ થયા સિવાય તે નહિ થાય, સાહેબ.** આ જમીન પણ ઊથલપાથલ થાય ત્યારે પકવે છે. ખેતી કરતાં પહેલાં જમીનને ઊથલપાથલ કરવી પડે. ખેડીને નીચેની ઉપર લાવે ને આમ તેમ જમીનને ફેરવવી જ પડે. ઊથલપાથલ, આ માટીને કર્યા સિવાય પાકશે નહિ સાહેબ. **એવી રીતે અમારા દેશમાં—અમારા સમાજમાં, ધર્મનો અભ્યુદય થાય એ માટે જ ઊથલપાથલ થવાની જરૂર છે.** માણસ સુખમાં ભગવાનને નહિ સંભારે. બિલકુલ નહિ સંભારે. દુઃખમાં સંભારે છે. કુંતામાતાએ તો એટલા

માટે હંમેશાં દુઃખ માગ્યું. ''હે ભગવાન! મને દુઃખ આપજે કે જેથી તારું મને સ્મરણ થયા કરે.'' બહુ મોટી વાત. લખનારને હું તો કહું છું કે, મારાં પ્રેમભક્તિપૂર્વકનાં વંદન છે, કે આવી વાત, આપણને એણે કરી. કુંતામાતાએ દુઃખ માગ્યું કેમ કે દુઃખમાં ભગવાન સાંભરે. દુઃખ જેટલું ઘડે છે જીવનને—દુઃખમાં જે સમજવાનું મળે છે, તેટલું સુખમાં મળતું નથી. **દુઃખમાં માણસ ગરક થઈ જાય છે. ડૂબી મરે છે તે ધર્મ નથી પાળતો, પણ જે ખરેખરો ભાવનાપૂર્વક-જ્ઞાનપૂર્વક જે ધર્મનું પાલન કરે છે એને સુખદુઃખ સરખાં થઈ જાય છે.**

આ સમાજની સાથે એ સંકળાયેલો છે. આજે મને કાંઈ મળે છે તે મારાથી એકલાથી થતું નથી. અનેક વ્યક્તિઓના સહકારથી, મદદથી, તેમની સહાયથી, એમની સાથેના સંબંધથી આ બધું મને મલે છે, એના પરત્વેની પોતાની ફરજ, ધર્મ એ પ્રેમપૂર્વક અદા કરે છે, અને સારામાં સારી રીતે અદા કરે છે. આપણા દેશમાં હજુ સામ્યવાદ આવ્યો નથી, પણ ફ્રાંસમાં અને ચીનમાં અને બીજે બધે જે આવ્યો, તેનું કારણ તો Actionનું Reaction (ક્રિયાની પ્રતિક્રિયા) છે. **માણસો એટલા બધા સ્વાર્થી થતા ગયા કે, 'હું ને મારું કુટુંબ અને બસ.'** એ પૈસાથી અનેક પ્રકારની વિલાસિતા આપણે ભોગવીએ છીએ. એમ ના સમજશો કે એની સમાજ ઉપર ખરાબ અસર થતી નથી. સમાજ ઉપર એની ખરાબ અસર થાય છે. આજથી સો વર્ષ ઉપરનું જીવન જુઓ. મારા શરીરની ઉંમર ૭૪ વર્ષ થઈ. હવે ૭૫મું બેસશે. તે નાનપણનું મારું જીવન યાદ કરું છું. આઠ વર્ષનો હતો ત્યારથી ભગવાનની કૃપાથી મને કંઈક સમજણ આવવા માંડેલી. ત્યારે પૈસાદારો હતા, પણ એમનું વર્તન, બહુ સીધુંસાદું હતું. લોકોને અદેખાઈ કરવાનું મન થાય એવું ન હતું. આજે એવાં સાધનો નીકળ્યાં છે, તેમાં આ જાતનો ભેદ પ્રસરવા માંડ્યો છે. આપણા દેશમાં પણ ભેદ પ્રસરવા માંડ્યો છે. સમાજ પરત્વેનું આપણું કર્તવ્ય, આપણી ફરજ, આપણો ધર્મ, એ ધર્મ પાળનાર માણસ, ધર્મને જે યોગ્ય ભાવનાથી જ્ઞાનભક્તિપૂર્વક આચરે છે, તેનામાં એ ભાન જાગી જાય છે.

## ફ્રાંસની ક્રાંતિ

એક બીજો દાખલો ફ્રેંચ Revolutionનો કહું. ફ્રાંસમાં લોકોએ ક્રાંતિ કરી, બળવો કર્યો એ પહેલાંની આ હકીકત છે. મોટા મોટા જમીનદારો એ બધા એશઆરામ કરે. વૈભવવિલાસમાં ડૂબે. બધું અખૂટ ભોગવે અને પેલા બિચારા મજૂરો એમના ખેતરમાં ખેતી કરે ને બધું લઈ આવે, ત્યારે એક વર્ષ દુકાળ પડ્યો એટલે પેલા ખેડૂતો હતા તે બધા પેલા જમીનદારો પાસે આવ્યા. કહે કે, 'સાહેબ, કાંઈ ખાવા કરવાનું નથી, ભૂખે મરીએ છીએ કાંઈ મદદ કરો.' તો કહે, કે 'સાલાઓ, ઘાસ ખાવ.' આ ઈતિહાસની વાત કહું છું. જ્યારે બળવો થયો ત્યારે એ જ લોકોને—જમીનદારોને આ લોકોએ—મજૂરોએ મોંમાં ઘાસના ડૂચા ભરીભરીને મારી નાખ્યા. આ Actionનું Reaction કહેવાય.

સ્વાર્થમાં એકાગ્ર થઈએ, સ્વાર્થમાં આપણે મશગૂલ બની જઈએ તો, આપણા દેશની પણ આ જ હાલત થવાની છે. લક્ષણો તો એવાં વર્તાતાં જાય છે. ભલે આપણા દેશની સરકાર આવી–majorityમાં આવી. સ્થિર સરકાર થઈ, પણ એમાં સામ્યવાદ ઘૂસતો જાય છે. એમની પેસવાની રીત અને કુનેહ બહુ જબરી હોય છે. અને પેસીને એ અંધાધૂંધી જ ફેલાવવાનાં. પહેલું કામ તો chaos ઉત્પન્ન કરવાનું મને તો દેખાય છે. હું તો નજરોનજર જોઉં છું. ત્યારે આ થવાનું કારણ એ છે કે આપણે ધર્મનું યથાયોગ્યપણે પાલન કરતાં નથી.

## ધર્મપાલકનાં લક્ષણ

ધર્મનું પાલન કરે છે તે માણસ હંમેશાં સજાગ છે. ધર્મનું પાલન કરનાર માણસ પ્રેમભક્તિપૂર્વક જ્ઞાનથી એ મોહમાં ફસાય નહિ. એ મોહમાં તો રહે છે. મોહના વાતાવરણમાં પણ છે, લોભના વાતાવરણમાં પણ છે, એને વેપાર કરવાનો છે. ખેતી કરવાની છે. બીજા ઉદ્યોગો કરવાના છે તે છે. પણ **જે ધર્મનું પાલન કરે છે તેની બુદ્ધિ શુદ્ધ થતી જાય છે. એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ એ બધાં શુદ્ધ થતાં જાય છે.**

**એટલે કે 'જીવદશા'વાળાં રહેતાં નથી.** આવી રીતે ધર્મનું પાલન કરે છે. એને પ્રત્યેક કર્મની, પ્રત્યેક કર્મનાં પ્રત્યેક પાસાની એને સભાનતા રહે છે. પોતાની ફરજના ભાનની પણ એને સભાનતા રહે છે, પણ એ સભાનતા માત્ર મગજમાં બેસી નથી રહેતી, સક્રિય બને છે. **જે સમજણ કર્મમાં આકાર ન લે એને હું સમજણ કહેતો નથી.** લાગણીનું પણ તેમ જ છે. આપણામાં જે વૃત્તિ થાય છે, તે સાકાર થવાને એની ગતિ હોય છે. જુઓ, તમે વિચારી જુઓ. કામની લાગણી થઈ, તો કામ પરત્વે એ સાકાર થવાની પ્રક્રિયામાં રહે છે. લોભની વૃત્તિ થઈ તો લોભની દિશામાં એ ગતિ કરે છે. તમે જુઓ, કોઈ પણ વૃત્તિ એ એમ ને એમ પડી નહિ રહે. જ્યારે ધર્મથી ભાવના જાગે છે. ત્યારે પોતાનાં અનંત પ્રકારનાં આ જે ઋણ છે, એ ઋણને અદા કરવાનું એને બહુ સરળતાથી સૂઝે છે અને અદા કરે છે. એટલે પ્રત્યક્ષ આચરે છે. એટલે સમાજની સાથે જેણે ધર્મ જાળવ્યો છે એને તો દેશસેવાની જરૂર નહિ પડે. તે તો સમાજની સાથે અનેક રીતે સંકળાયેલો છે. આ મેં વિગતવાર આપને કહ્યું.

## સમાજોત્કર્ષ

**સ્વજન :** ભગવાનનું દર્શન થયું હોય, એ સમાજના ઉત્કર્ષમાં શું ભાગ લઈ શકે ?

**શ્રીમોટા :** જે ચેતનમાં નિષ્ઠા પામેલો શરીરધારી આત્મા છે, એને ખરેખર ભગવાનનું દર્શન થયું હોય તો ભગવાન તો 'સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મઃ' એવું સંસ્કૃતમાં છે ખરું ભાઈ. આ બધું જ 'બ્રહ્મ' છે. તો જેમ મારી મા માંદી હોય તો હું સેવા કરું. કેમ, ખરુંને ? મારો છોકરો માંદો પડ્યો હોય તો હું કેટલો ઊંચોનીચો થઈ જાઉં ? એને માટે દવા કરું, એની સેવા કરું, જાગું પણ ખરો અને મારાથી થાય તે બધું કરી ચૂકું. ખોટી વાત હોય તો કહો. એવી રીતે શરીરધારી આત્મા ચેતનમાં નિષ્ઠા પામેલો છે. એ જેમાં ને તેમાં ભગવાનને અનુભવે અને અનુભવે તો જ એ, ચેતનમાં નિષ્ઠા પામ્યો છે અથવા તો એને આધ્યાત્મિક જ્ઞાન થયેલું

છે, જો એ વાત સાચી હોય તો એ ભગવાનની સેવા કર્યા વગર કેમ પડી રહે ? અમારે ત્યાં તો એવું પ્રવર્તે છે કે, *'હમકો કર્મ કી ક્યા જરૂરત ? હમકો કોઈ કર્મ નહીં હૈ.'* એમ કહેનારા સાધુ-સંન્યાસીઓને બહુ બહુ મળ્યો છું. કાનોકાન સાંભળેલું છે. *'હમકો કર્મ ક્યા ?'* અલ્યા, અમારો આ 'સાક્ષાત્' ચેતન—ભગવાન પળેપળ કર્મ કરે છે. પળેપળ કર્મ વિના રહેતો નથી. ભલે એ નિષ્કામની ભૂમિકા ઉપર, નિરાકાર હોવા છતાં સાકાર છે, અને બન્ને ઓતપ્રોત છે. એકબીજાની સાથે સંકળાયેલા—એકબીજાથી જુદાં નથી. તેમ છતાં જુદો, આ તો એક સમજવાને માટે કહેવું છે. તેવી રીતે તે ચેતનમાં નિષ્ઠા પામેલો શરીરધારી આત્મા છે. એ બધે જ ભગવાનને અનુભવે છે.

## સમાજ એ 'ભગવાન'

જો ભગવાન અનુભવતો હોય તો 'સમાજ' પણ ભગવાન છે. એ સમાજને પણ ભગવાન સમજે. ભગવાનની સેવા ક્યાં કરવા જવાનો છે ? **આરતી ઉતારે, દીવા કરે, કપાળમાં તિલક કરે, મંદિરમાં દર્શન કરવાં જાય, એ કાંઈ ભગવાનની સેવા નથી, ભાઈ.** એ કરવું ખોટું છે, એમ મારો કહેવાનો અર્થ નથી, પણ એ જો ચેતનમાં નિષ્ઠા પામેલો આત્મા હોય, બધાંમાં ભગવાનને અનુભવતો હોય તો, એ ભગવાનની સેવા કર્યા વગર રહે જ નહિ. જો ભગવાન છે, જે વડે પોતે આ હયાતી ભોગવે છે અને જે ભગવાનને તે પામ્યો છે, એ ભગવાન ઉપર પોતે કેટલો બધો વારી જતો હોય છે કે પોતાનું કાંઈ પણ પોતાની પાસે રાખતો નથી, કારણ કે તે બધું ભગવાનનું છે. બોલવાની વાત નહિ, કરવાની વાત છે અને એ પ્રમાણે કરે છે. ત્યારે આ જે સમાજ છે તે નારાયણનું સ્વરૂપ છે. હું એકલો નથી કહેતો, બધાં જ કહે છે. એ નારાયણના સ્વરૂપની સેવા તો એણે કરવી જોઈએ. પછી તો સાધુ-મહાત્માઓ બધા કહે છે કે, *'હમકો કર્મ ક્યા ?'* તે નહિ ચાલી શકે. મારી સમજણ આવી છે. તે સમાજનું કર્મ કર્યા વગર રહી જ નહિ શકે, કારણ કે એને પણ એવાં નિમિત્તો છે. અનેક જન્મથી એ કાંઈ કેટલાંયની

સાથે સંકળાયેલો છે. એ નિમિત્ત આવે ત્યારે, એ નિમિત્ત પ્રમાણેની સેવા કર્યા સિવાય એ રહી શકતો નથી.

## કુંડલિની

**સ્વજન : મોટા,** આ કુંડલિની એ શું છે ?

**શ્રીમોટા :** અલ્યા, તેં એકડે એક તો, મારી હાહુના, ઘૂંટ્યો નથી. અમારી ચરોતરી ભાષામાં કહું છું કે મારી હાહુના, એકડે એક તો ઘૂંટ્યો નથી ને આ કુંડલિનીની વાત તું કંઈ લઈને આવ્યો ? આ તારા ઢેકા-બેકા બધા ભાંગી જશે. પહેલાં એકડે એક ઘૂંટ. આ બધાં લઈ મંડે છે અક્કલ વગરના લોકો. આ મને તો એમ થાય છે કે આ ભણેલાં-ગણેલાં લોકોને અક્કલ કેમ નહિ હોય ? કે અલ્યા ભઈ, સૌ સૌને ઠેકાણે જે તે યોગ્ય હોય.

હજુ તારું મન તો ઠેકાણે રહેતું નથી, ચોવીસ કલાક તારા સંસારમાં ને સ્વાર્થમાં રચ્યોપચ્યો રહે છે. નર્યો અંદર તરતો રહ્યો છે ને આ કુંડલિનીની શી વાત તું કરે છે ? પણ હવે પ્રશ્ન પૂછ્યો છે, માટે જવાબ તો આપવો જ જોઈએ, પણ હું તો મારી રીતે આપું છું. મારી સમજણ સાચી છે એવો દાવો નથી, પણ ભગવાનની કૃપાથી આ જીવનમાં હું મથ્યો છું. બીજાની પેઠે હું કહેતો નથી કે હિમાલયની ગુફામાંથી આવીને વાત કરતો હોઉં તો તમે એને શી રીતે સમજી શકવાના છો કે આ માણસ સાચું કહે છે કે ખોટું ?

ભગવાનની કૃપાથી આ સંસારમાં રહીને—એની કૃપાથી એના આશીર્વાદથી મારા ગુરુમહારાજની શક્તિથી, જે સાધન થઈ શક્યું છે. જે અભ્યાસ થયો છે અને ભારે તપશ્ચર્યા થયેલી છે, એમાંથી જે સમજણ ઊગી છે એના આધારે આ વાત કહું છું. બીજા શું કહે છે ? એનું ખરું છે કે ખોટું છે, એ હું કહેવાનો નથી. એ મારું કામ નથી. કે ફલાણા મહાત્મા તો આવું કહે છે. એ કહેતા હોય તો જાવ એની પાસે.

મને જે સમજણ પડી છે તે કહું છું કે કુંડલિની નામની શક્તિ છે એ વાત સાચી છે, પણ આ જે સાધનાનો એક વિકાસક્રમ છે, એમાં

ઉચ્ચતર ભૂમિકાઓમાં—ઉચ્ચતર અને ઉચ્ચતમ, એવી ભૂમિકાઓમાં આગળ જતાં જતાં આપણી અંદર અસુરો રહેલા છે, એ અસુરો સૂક્ષ્મ છે, કામ, ક્રોધાદિક. એને ગીતાએ પણ શત્રુ ગણેલા છે. આ સ્થૂળ શત્રુ જીતવા બહુ સરળ, પરંતુ એ ઉચ્ચતર ભૂમિકાઓમાં એમનું જ્યારે સૂક્ષ્મ સ્વરૂપ પ્રગટે,દાખલા તરીકે હું તમને સમજાવવાને માટે કહું છું કે આ બધી ભૂમિકાઓમાં 'શબ્દ' એવો સંભળાય કે એટલો મધુર કે આ દુનિયાભરનું કોઈ સંગીત એની તોલે ન આવી શકે. એના એ સંગીતમાં તમે ગુલતાન થઈ જાવ. મધમાં માખી ડૂબી જાય તેમ ડૂબી જાવ. આપણી કોઈ શક્તિ નથી કે એમાંથી ઊંચા આવી શકીએ એવી રીતે આ જે પાંચેય છે—શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શ. જે સુવાસ પણ એવી રીતે આવે છે કે તમારું મન ડૂબી જાય. એ પણ ભારેમાં ભારે. સ્થૂળ-કામક્રોધાદિક જીતવા એ તો સરળ છે, પણ આ જે સૂક્ષ્મ પ્રકાર છે, એને જીતવા બહુ મુશ્કેલ છે. એને માટે દૈવી શક્તિની જરૂર. એ દૈવીશક્તિ એ જ 'કુંડલિની'. પણ એ ભૂમિકાએ પહોંચો ત્યારે, પણ આ તો મારા બેટા આજકાલ લઈ મંડેલા છે અને મારા જેવો કોઈ લેભાગુ કહે તો સાચી વાત માનશો નહિ, સાહેબ. અનુભવથી હું તમને કહું છું. એ શક્તિ છે ખરી. એનું નામ દૈવીશક્તિ—'કુંડલિની' પાડ્યું તો ભલે, કારણ કે એટલા માટે કુંડલિની એ પણ સમજણ પડે—એ પ્રતીક છે.

ગૂંચળું વળીને છાનીમાની પડી રહેલી છે. અત્યારની આપણી સ્થિતિમાં એ કામ નથી કરતી, છે તો ખરી, આપણાં બધાંમાં છે. પણ જરૂર પડે ત્યારે એ ખપમાં લાગે છે. આ આગના બંબાઓ આપણે રાખીએ છીએ, આગ લાગે છે ત્યારે ખપમાં લાગે છે, એમ ને એમ નહિ સાહેબ. આ તો રિહર્સલ કરે, પણ આ શક્તિ આપણામાં કોઈ રિહર્સલ કરતી નથી.

આપણા જીવનમાં એ ઉચ્ચતર ભૂમિકાઓમાં આવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂમિકાઓમાં જ્યારે આવો શબ્દ, રસ, સ્પર્શ, ગંધ, આવા જ્યારે સૂક્ષ્મ પ્રકારમાં આપણે જઈએ, અને આ સ્પર્શ તો એવા પ્રકારનો

સાહેબ કે કઠણમાં કઠણ આ ઝાડ છે સામે. એનું થડ હોય, તો કેટલું કઠણ છે, બરછટ છે, પણ એ જ્યારે આપણી ભૂમિકામાં સ્પર્શનો વિકાસ થયેલો હોય ત્યારે સાહેબ, તેને બાથ ભરો, બાથ ભરાય. આ કલ્પનાની વાત નથી, અનુભવની વાત છે, સાહેબ. એને બાથ ભરીને તમે વળગી રહો, એટલો કોમળ કે એ કોમળતાની સાથે આ જગતની ફૂલની કોમળતા પણ એની તોલે નહિ આવી શકે. આવા કાળે આ કુંડલિનીની જરૂર છે.

એ શક્તિ જાગ્રત ક્યારે થાય ? **કામક્રોધાદિમાંથી જીવદશામાંથી તમે હઠી જાવ અને ભાવનાની અખંડતા પ્રગટી હોય. એ ભાવનાની અખંડતા પ્રગટ્યા પછી તો આમ કામક્રોધાદિક એ એનું રૂપાંતર થવાની પ્રક્રિયા શરૂ થાય છે—અખંડતા થયા પછીથી.** મારા પોતાના સાધનાના અભ્યાસથી, હું ભગવાનની કૃપાથી, મારા ગુરુમહારાજના આશીર્વાદથી કહું છું કે, **'સ્મરણ અખંડ થાય તે પછી ભાવના જાગે. એ ભાવના અખંડ થયા પછી ભાવનાની ગાઢતા હોય. એ ભાવનાની ગાઢતા અખંડ થયા પછી ભાવ જાગે છે. એ સ્થિતિમાં આ કુંડલિની શક્તિ જાગ્રત થાય છે.**

કોઈ એક ભાઈએ મને વડોદરામાં કહ્યું કે આ માટે એક ચોપડી આવી છે. એમાં કહે છે ને મારા ગુરુમહારાજ એ કરી શકે છે. મેં કહ્યું કે, 'જા તારા ગુરુમહારાજ પાસે, ભાઈ.' પણ એમ ને એમ મહેનત કર્યા વિના રળવા જશો તો ખત્તા ખાશો. 'તપ વિના સિદ્ધિ નથી' આગળ આપણા લોકો કહી ગયા છે, સાહેબ. જાતે મહેનત કર્યા સિવાય આ બધું પામી જવાનાં વલખાં છે. જેમ લૉટરીની અંદર લોકો પૈસા ભર ભર કરે છે. ઝટ પૈસાદાર થઈ જવાય એ નિમિત્તે. કોક થઈ જાય છે ખરા, ના નથી મારી, પણ કુંડલિનીની શક્તિ આપણામાં ટકવાને માટે, એ કાર્ય કરતી થાય, અને યોગ્ય દિશામાં કાર્ય કરતી થાય, એને માટે ભૂમિકાની બહુ જરૂર છે. આ મારી પોતાની સમજણ છે. **ભૂમિકા વિના કાંઈ પણ મળેલું ટકશે નહિ.** આ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો નહિ ટકે. બિલકુલ નહિ ટકે અને 'જીવદશા'માં પણ ભૂમિકા વિના ટકતું નથી.

ઘણા માણસોને પૂછી જોજો સાહેબ, બહુ છકી જાય છે. એવા મેં તો જોયેલા છે. એવી રીતે આ કુંડલિની શક્તિ છે. ભાઈ, છે તો ખરી પણ એને માટેની યોગ્ય ભૂમિકા વિના એ પ્રાપ્ત થતી નથી, અને હું કહું છું કે એને માટે કોઈની જરૂર નથી. આપમેળે તમારામાં જાગૃત થાય એવી આ શક્તિ છે, એ ભૂમિકાએ પહોંચી જાવ, અને કોઈ પણ અનુભવી પુરુષ લાયકાત વિના કાંઈ કશું આપતો હોતો નથી, એ પણ મારા અનુભવની હકીકત કહું છું. **કદી કાળ, લાયકાત વિના આપે જ નહિ.** આપે તો મારા જેવો મૂર્ખો હોય તે આપે, કારણ કે મારે પૈસાની પડી છે ને સારાં કામો કરવાનો મને શોખ છે, એટલે કદાચ આવું આ કરી બેસું ખરો, પણ કર્યું નથી હોં, મારા ગુરુમહારાજનો ડંડો મારી સામે છે. એ ડંડો મારી આંખ સામેથી ખસતો નથી સાહેબ. સદાય મને ચેતવેલો રાખે છે. એટલે આ કુંડલિની શક્તિની વાતો આજકાલ બહુ થશે, પણ આ પ્રશ્ન પૂછનારને મારી પહેલી પ્રાર્થના છે કે એકડો ઘૂંટો પહેલાં. આ ચોવીસ કલાક સ્વાર્થમાં રચ્યોપચ્યો રહે છે. એમાંથી કેટલા કલાક તું ભગવાનની ભાવનામાં રહે છે ? વિચાર કર. જાતે પોતે અને તું જે લેવા માગે છે તે તો કાચો પારો છે બાપા! કાચો પારો પચે નહિ સાહેબ. છેરી નાખે એવો. એનાથી ઘણું નુકસાન થાય. કોઈ વૈદને પૂછી જોજો. કદાચ એની માત્રામાં એની ભસ્મ બનાવે છે, પણ જો કાચો રહ્યો હોય તોય નુકસાન કરે એવી રીતે **તમે લાયકાત કેળવ્યા સિવાય, આ ભગવાનના માર્ગે કંઈ કશાની ઈચ્છા કરશો નહિ, ભાઈ, કંઈ કશું તમારે પામવું હોય તો જાતે મહેનત કરો, સાહેબ** અને અમે કહીએ છીએ કે 'ગુરુ' કોઈ જડવા સહેલ નથી, ભાઈ, આપણી યોગ્યતા પ્રાપ્ત થશે તો આપમેળે આવશે, સાહેબ. એ ગુરુ આવ્યા વગર નહિ રહે. તદ્દન સાચી વાત છે. માટે બહુ મેળવવાની વાત છોડી દો. પાઈ પાઈથી રળીને વેપારીઓ મોટા લક્ષાધિપતિ થયેલા છે. દોરી ને લોટો લઈને મુંબઈમાં ગયેલા ઘણા લોકો આજે પણ હશે, પણ મહેનત કરીને રળ્યા છે. મહેનત કર્યા સિવાય કાંઈ કશું મળી શકતું નથી. કદાચ એમ ને એમ લૉટરી મળે તો મળી જાય, પણ આ માર્ગમાં નહિ મળે,

સાહેબ, બિલકુલ નહિ લાગે. તદ્દન સાચી વાત હું કહું છું. બીજા ગમે તે કહેતા હોય. એ ભલે કહેતા હોય. મારા ગુરુમહારાજે કહ્યું છે કે, ‘સમાજમાં બધાં મળે તેને સાચી વાત કહેજે. કોઈ લોભામણી વાત કરતો નહિ.’ એટલે હું તો કહું છું ભાઈ, કે આ માર્ગ તપશ્ચર્યાનો છે. અને સહેલાઈથી કરવું હોય તો ભગવાનનું સ્મરણ ઉત્તમ છે, પણ તમે જાણો કે હું અગિયાર માળા કરું, પાંચ માળા કરું, અડધો કલાક બેસું એટલાથી કાંઈ પત્તો ખાય નહિં. **ચોવીસ કલાક તમારે સ્વાર્થમાં ગાળવા છે અને પા કલાક ભગવાનને આપવો છે અને એમાંથી તમારે ફળ મેળવવું છે, એ અમારો ભગવાન છેતરાય એવો નથી હોં ભઈ, એ ભોળવાઈ જાય એવો નથી, એ તો પાકો માણસ.**

ત્યારે ઉચ્ચતમ ભૂમિકા—સાધનાનાં ઉચ્ચતમ ક્ષેત્રોમાં ઉચ્ચ ભૂમિકા યોગ્ય પ્રકારની કેળવાયા સિવાય, ભગવાનની શક્તિ આપણી અંદર ઠરી શકતી નથી. તે કાળે આ કુંડલિનીની જરૂર છે. એવા દૈવાસુર સંગ્રામ જામે છે, ત્યારે એ દૈવાસુર સંગ્રામમાં સાહેબ, પુરાણની વાત સાંભળો. મને તો એ પ્રતીક લાગે છે. દેવો ઘણીવાર હારી જાય છે. અલ્યા! પણ દેવો હારી જાય ? કે’ હા, હારી જાય! દેવો હારીને વિષ્ણુ ભગવાન પાસે જાય. વિષ્ણુ ભગવાન પાસે જઈને એને પ્રાર્થના કરે છે, અને દૈવી શક્તિ મેળવીને અસુરોને હરાવે છે. આ બનેલી હકીકત છે સાહેબ.

## ‘અનુભવી’ થયા પછી

**સ્વજન : મોટા,** ભગવાનનો અનુભવ થયા પછી સંસારમાં શું અનુભવાય છે ?

**શ્રીમોટા :** સાધનાનાં ઉચ્ચતમ ક્ષેત્રમાં જે અવસ્થા પ્રગટે છે. અનુભવી સિદ્ધ થઈ ગયા પછી, સાહેબ. એમાં **એ અનુભવી પ્રકૃતિનો સ્વામી છે.** પછી એ ગમે તે સાધનનો ઉપયોગ કરે છે. પ્રકૃતિનો એ માસ્ટર (સ્વામી) છે. એ ગમે તેમ ઉપયોગ કરે છે. આપણે બધાં સંસારી જીવો એની તુલના નહિ કરી શકીએ. મેં મારા ગુરુમહારાજને

બરાબર તપાસવાનું કરેલું, પણ એની ભક્તિ જાગી ત્યારે હું પરિચય પામી શક્યો. **કોઈ પણ મહાપુરુષને—કોઈ પણ મહાત્માને—જો તમારે સાચી રીતે સમજવો હોય તો એની 'ભક્તિ' તમારા દિલમાં જાગવા દો. ભક્તિ જાગ્યા સિવાય તમે એને નહિ સમજી શકો,** કારણ કે એ તમારા–મારા જેવો જ હોય છે–''બિચારો શરીરધારી''. અને આપણી રીતે જ વર્તતો હોય છે, અને એને આપણી રીતે જ આપણે સમજવાનાં. એ તમને પ્રત્યક્ષ જીવતીજાગતી તમારી સગી આંખે ચેતનના જેવી શક્તિ બતાવી દે છે, પણ પાછા તમે ભૂલી જવાના, સાહેબ.

મારા જીવનનો અનુભવ કહું છું. આ દાક્તર અહીં બેઠા છે. ડૉ. કાંતાબહેન પટેલ, અને એવાં બીજાં અહીં કેટલાંય બેઠેલાં છે, પણ ભૂલી જાય. પણ એની તો ભાઈ, ક્યાં વાત કરું ? આપણા 'ભાગવત'ના વ્યાસ ભગવાન થઈ ગયા. જશોદામાતાને કૃષ્ણ ભગવાને નાનપણમાં કેવી 'લીલા' બતાવી ? કેવી શક્તિઓ બતાવી ? પણ જશોદામા ભૂલી જાય છેને 'મારો કનૈયો' 'મારો કનૈયો' કહે. એ તો ભગવાન છે—સાક્ષાત્ આ તો. તો કહે કે, 'ના'. ત્યારે એ તો પાત્રતા વિના એ યોગ્યતા આપણામાં જાગ્યા વિના થશે નહિ, સાહેબ. અને પરસેવો પાડ્યા વિનાની રળવાની વાત આપણા મગજમાં, જેને પેસે તે સ્થૂળ દૃષ્ટિએ પણ યોગ્ય પ્રકારનો સંસારી નથી, તો આધ્યાત્મિક પ્રકારે તો કેવી રીતે હોઈ પણ શકે ? કોક કહે કે 'ગુરુ કૃપા કરી દે' અલ્યા, કૃપા ને આશીર્વાદમાં તો સમાજ લૂલો થઈ ગયો છે. બે પૈસાની વરિયાળી આ ગાંધીને ત્યાં એમ ને એમ લેવા જાઓ જોઈએ. બે પૈસાની સાહેબ, વધારે નહિ—એક પૈસાની માગજો. એમ ને એમ આપશે ? નહિ આપે, સાહેબ. આ આશીર્વાદ કૃપા એવી મહામૂલી વસ્તુ છે કે જેની આ જગતમાં કંઈ કશાની સાથે તુલના ના થઈ શકે તે બન્ને એમ કેમ મળે ? અને આપણા સમાજના લોકો આશીર્વાદ અને કૃપા માગ માગ કરે તે વાત છે! મારા ગુરુમહારાજ તેમનો ડંડો મને આપતા હતા, પણ હું મૂર્ખો, મેં લીધો નહિ, હોં! કેમ કે હું સંન્યાસી હોત અને ડંડો હોત તો શોભત, પણ આ જીવને ગૃહસ્થાશ્રમીનું જીવવા માટે હુકમ કર્યો.

એમાં તો આ શોભે નહિ, નહિતર તો ડંડાથી બબ્બે-ચચ્ચાર લગાવી દેત! મૂઆ, હાળા મારી પાસે ના આવે તો! અલ્યા, કંઈ કશું કર્યા સિવાય કૃપા ને આશીર્વાદ માગે છે ? અક્કલ છે કે નહિ ? કે ગીરો મૂકી છે ? ભગવાન પણ એમ ને એમ જાણે મળી જવાના હોય તેવી વાત! મારી તો તમને પ્રાર્થના છે કે ભૂલી જજો. કંઈ કશું એમ ને એમ મળતું નથી ને માગવા જાવ એ મૂર્ખામીનું પ્રદર્શન છે. અક્કલ ઘેર મૂકી હોય, ગીરો મૂકી હોય તેનું આ પ્રદર્શન છે. સમાજમાંથી આ જેટલું વહેલું નીકળી જાય તેટલું ઉત્તમ છે. એથી કરીને આશીર્વાદ કે એમનામાં શક્તિ નથી એમ મારું કહેવું નથી. અલબત્ત, એમનામાં શક્તિ છે અને હું તો કહું છું તે મારા પૂરતું કહું છું. બીજાની વાત તો ભગવાન જાણે! પણ તમે એને રાજી કરો તો એ આશીર્વાદ આપે છે. કેમ ? તો એ એક સવાલ છે. આ બધાંને ગળે વાત નહિ ઊતરે. એને તમે રાજી કરો—ઘણું રાજી કરો તો એના આશીર્વાદ તમારા ઉપર ઊતરે કે કેમ એ એક શંકાસ્પદ છે! રસ્તામાં જનાર ભિખારી હોય એના પર આશીર્વાદ ઊતરી પડે છે, સાહેબ.

આપણા અનુભવની વાત છે. ત્યારે આ જે કુંડલિની શક્તિ છે તે એને માટે આપણે લાયકાત પ્રાપ્ત કરો. યોગ્યતા કરો. પાત્રતા પ્રાપ્ત કરો. એવી ભૂમિકા થતાં 'આપમેળે જાગશે' અને ગુરુ પણ આપણને આપમેળે મળશે એને માટે આપણામાં બરાબર સાચી ઝંખના નથી.

## કર્મનો બદલો

**સ્વજન :** એક માણસનો બીજા માણસે દ્રોહ કર્યો હોય, આ જન્મમાં એટલે આપણે જીવીએ છીએ તે જન્મમાં એક માણસનો, બીજા માણસે દ્રોહ કર્યો હોય તો પેલા દ્રોહનું ફળ, બીજા જન્મમાં તે વ્યક્તિ દ્વારા ભોગવવાનું આવે ? કર્મનાં બંધન અને ફળનો સિદ્ધાંત સમજાવો.

**શ્રીમોટા :** આ આખા પ્રશ્નને માનસશાસ્ત્રની દૃષ્ટિથી વિચારો—હું કાંઈ શાસ્ત્રો-બાસ્ત્રો ભણ્યો નથી ભઈ અને હું જાણતો નથી. ગીતાજી મારે એટલા જ માટે જ લખવાની આવી કે મારા વિદ્યાર્થીઓને જેલમાં

ગીતાનું મહત્ત્વ સમજાવવાનું હતું. ત્યાં કાગળ આવ્યો કે આ ગીતાજી તમે અનુષ્ટુપ કાવ્યમાં લખી લાવો, પણ શરત એ કે એ આટલી બધી સરળ કે પહેલા વાંચને સમજાઈ જાય. ત્યારે મને સમજણ પડી કે આ ભગવાનનો હુકમ થયો. એટલે મેં ગીતા વાંચી અને આગળ ગુજરાતી ભાષામાં સરળ ભાષામાં આ 'જીવનગીતા' લખી. એના સિવાય મેં બીજું કશું વાંચ્યું નથી. એટલે હું તો આ માનસશાસ્ત્રની દૃષ્ટિએ જેને આપણી બુદ્ધિ Rational કહે છે. બુદ્ધિ સ્વીકારી શકે—આપણું મન સ્વીકારી શકે. આપણી સમજણ સ્વીકારી શકે એવી રીતે જે જે પ્રશ્નો મારા દિલમાં ખડા થાય, ત્યારે તેનું અમારી બુદ્ધિથી તેવી તેવી રીતે ઉકેલ ભગવાનની કૃપાથી કર્યા કરતો.

હવે આ પ્રશ્નનો સંબંધ દ્રોહની સાથે છે. એક માણસે ધારો કે મારો દ્રોહ કર્યો, હવે એમાં જો એટલી બધી ઉત્કટતા હોય તો આ જન્મમાં મારા દિલમાંથી એ ખસશે નહિ, સાહેબ. તમારા મનથી વિચાર કરી જોજો આ હકીકત. કોઈ માણસે મારો દ્રોહ કર્યો અને એ દ્રોહની માત્રા જો એટલી બધી ઉત્કટ હશે, તો આપણને એ ખટક્યા જ કરવાની, એ રહ્યા જ કરશે અને આપણે જીવદશાવાળાં હોવાથી એનો બદલો લેવાને પ્રેરાયા કરીશું. કંઈ નહિ તો વિચાર્યા કરીશું કે શી રીતે એનો સામનો—પ્રત્યાઘાત કરવો. જીવદશામાં વેરને બદલે વેર કરે. કોક જ વેરને બદલે પ્રેમ વાપરે કોક જવલ્લે. સામાન્ય માણસ તો વેરને બદલે વેર જ લેશે. દ્રોહને બદલે દ્રોહ જ. એટલે એનામાં જો એટલી બધી ઉત્કટતાવાળી જો દ્રોહની લાગણી—એને 'ભાવના' નહિ કહેવાય—એને વૃત્તિ કહેવાય—એટલી બધી ઉત્કટપણામાં જો પ્રગટી હશે તો આ જ જન્મે એ એને સળવળાટ કરાવશે. અને જેણે કર્યું છે તેના જ પરત્વે એનાં મનાદિ વલણ રહેશે અને મને કોઈએ બે ગાળ દીધી તો મારું દિલ ચણચણાટ કરશે, તેવી રીતે આપણો જેણે દ્રોહ કર્યો છે એ એમ ને એમ તો દ્રોહ નહિ કરે. એને માટે પણ કાંઈ 'કારણ' મળ્યું હશે. આ જ્યાં સુધી આપણે જીવદશામાં છીએ ત્યાં સુધી, એક હાથે તાળી નહિ પડે!

આ પ્રશ્નમાં એ પણ આપણે વિચારવાનું છે કે એણે દ્રોહ કર્યો. કેમ ? શા માટે એ કરવાને પ્રેરાયો ? અને આપણા પર જ શા માટે પ્રેરાયો ? અને 'અ-બ-ક-ડ' સાથે નહિ. એટલે આપણે પણ એનું એવું કંઈક નિમિત્ત કારણ છીએ. કાંઈક આપણા તરફથી તેને ઉત્તેજવાનું—એને એવું કારણ આપવાનું આપણા તરફથી પણ કાંઈક બન્યું હોવું જોઈએ. આ મારા કહેવામાં કાંઈક તર્કદોષ હોય તો, સાહેબ, જરૂર આ મારા બોલી રહ્યા પછી જરૂર કહેજો. તો મને પણ સમજણ પડેને? મારા ગુરુમહારાજે મને હુકમ કરેલો કે બુદ્ધિ સ્વીકારી શકે એવી વાત તારે કરવી. ત્યારે જે માણસે દ્રોહ કર્યો તે એકદમ દ્રોહ નહિ કરે. એને કાંઈક ને કાંઈક આપણા તરફથી કશું કારણ એ પ્રમાણે ઉત્તેજિત થવાને માટે મળેલું હોવું જોઈએ, પણ ગમે તે રીતે એણે આપણો દ્રોહ કર્યો, પણ આપણામાં દ્રોહ કાંઈ પડ્યો નહિ રહે. જેમ આપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, ઇચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, ઝંખના, અનેક પ્રકારની વૃત્તિઓ છે. તેના સંસ્કાર છે. તે કાંઈ પડ્યા રહેતા નથી. એ તો ઉદયવર્તમાન થવાના. એ પ્રમાણે તે પ્રમાણેનાં કર્મ તમે કરો. અને આ જન્મમાં જેણે આપણા તરફ વેર કર્યું છે. દ્રોહ કર્યો છે. આપણને હડહડતો અન્યાય કર્યો છે. દ્રોહ કર્યો છે. તેના તરફ આપણી વૃત્તિ આ જન્મમાં જ રહેવાની, અને એનું બગાડવાને આપણે તૈયાર થવાનાં, કારણ કે એનું મનન ચિંતન આપણને રહે છે. પછી થોડા કાળ પછી એ મોળું પડતું જાય છે, પણ એ દ્રોહમાં જો બહુ ગાઢતા હોય તો જે વ્યક્તિએ દ્રોહ કર્યો છે એને માટે આપણે પગલું વાળવાનું છે એવી રીતે જ કરીશું. બીજી કોઈ ઉત્તમ રીતે આપણે એને કરી શકવાનાં નથી. 'જીવદશાવાળા' હોવાથી. એટલે પાછા એ દ્રોહના જ સંસ્કાર પડ્યા. દ્રોહ કર્યો છે એના સંસ્કાર આપણા ચિત્તમાં પડી ચૂક્યા, અને આપણને એ સળવળાટ કરાવે છે અને પાછો આપણે સામો એને બગાડવાને માટે તત્પર થયા. એની જે વિચારસંકલના ચાલે છે એના પણ સંસ્કાર આપણને પડ્યા. હવે જ્યારે જ્યારે એને આપણે એ પ્રકારનો બદલો

આપ્યો ત્યારે પણ એ સંસ્કાર પડ્યા. એટલે આ દ્રોહના સંસ્કાર આપણા ચિત્તમાં ગાઢા થતા ગયા. આ જન્મમાંથી પ્રત્યેક જીવે જે જે કાંઈ આપણા તરફ કર્યું હોય, તેના તરફ આપણે તે તે રીતે ખેંચાયેલાં રહીએ છીએ. કામનાથી ઉત્તેજિત થયેલાં વેરવૃત્તિથી એક બીજા તરફ ખેંચાયેલાં રહે છે, પણ બીજા જન્મમાં એમ થાય છે, કે એ સંસ્કાર પડ્યા કરે તે સંસ્કાર જે જે પડ્યા, તે બીજા જન્મમાં આપણે જ્યારે મોટા થઈશું ત્યારે ઉદયવર્તમાન થશે. તે સમાજનાં બધાં તેવા તેવા પ્રકારનાં જીવોને એ સ્પર્શવાના. પેલા જ માણસને સ્પર્શે એવો કાંઈ ચોક્કસ નિયમ નથી, પણ એમાં એક નિયમ છે. આ તો આ પ્રશ્નને સમજવાને માટે આ એક કહું છું કે ભવિષ્ય જન્મમાં આપણાં સગાંવહાલાં સ્વજનો કોણ છે, તે આજે આપણે નક્કી કરી શકીએ છીએ. જેની સાથે આપણને અત્યંત રાગ-મોહ છે, લોભ છે, કામ છે, રાગ છે. જેની સાથે એવો ભાવ છે, પ્રેમ છે. આ ઉચ્ચ કક્ષાના ભાવ ને પ્રેમ બેની વાત છે. જેની સાથે આવો ભાવ આપણને જાગ્યો છે. ઉત્કટમાં ઉત્કટ પ્રમાણમાં તે આપણાં સ્વજનો છે. સમજી લેજો. જેની સાથે ગમો-અણગમો જેનું મોં જોવાનું ન ગમે એટલો બધો અણગમો હોય, અદેખાઈ હોય, ઈર્ષા હોય, વેર હોય એ પણ આપણાં સ્વજન થઈ જવાનાં!

લક્ષ્મીનું તમે દાન કર્યું તો તમને લક્ષ્મી મળશે એવો અમારા જેવા લોકોએ સમાજમાં આ ફેલાવો કરેલો છે. મારી સમજણ એવી નથી. તમે ભાવનાથી પરમાર્થ કરો. એ પરમાર્થના સંસ્કાર તમને પડ્યા. એ સંસ્કારથી તમે ઉત્તમ પ્રકારનું કર્મ કરશો. તમે ધન આપ્યું માટે તમને ધન મળે એ સમાજની માન્યતા છે, તે મારા અનુભવે સાચી નથી, પણ તમે જે ભાવના રાખી—એમાં જે સમજણ દઢાવી એમાં એના સંસ્કાર તમને પડવાના અને એ તમારા સંસ્કાર તમારા હવે પછીના જન્મમાં ફળ આપવાના. માત્ર એક અનુભવીને જ સંસ્કાર નથી પડતા. બાકી, આપણને બધાંને સંસ્કાર પડે છે. એ સંસ્કાર આપણામાં કાયમ રહે છે અને એ મુજબ ઉદયવર્તમાન થાય

છે. એનું વિજ્ઞાન જુદું છે.

અનંત પ્રકારના સંસ્કારો આપણાં ચિત્તની અંદર સંગ્રહાયેલા છે અને અનંત જાતના, અનંત કોટિના, હળવા પ્રમાણના, ગાઢા પ્રમાણના અને એટલા બધા જુદા જુદા પ્રકારના છે કે જેનો કંઈ પાર ના આવે એવા અનંત છે. આ સંસ્કાર પણ અનંત છે. ત્યારે આપણને એમ થાય કે સાલું, આ અનંત સંસ્કાર ને આ બધું અજ્ઞાન તે કેમ કરીને જાય ? સાહેબ! એક દીવાસળી સળગાવો તો અજવાળું થઈ જાય. કરોડો મણ અંધારું એક દીવાસળીના અજવાળાથી પ્રકાશિત થઈ જાય—જતું રહે છે, તે ભગવાનની કૃપા.

જ્યારે ભગવાનનો અનુગ્રહ આપણા પર થાય, એની કૃપાથી જ્યારે 'એ' મળે છે ત્યારે બધું જ વિલીન થઈ જાય છે, પછી આ 'એ' એનો ઉપયોગ નથી કરતો એમ નહિ, સાહેબ. એની પ્રકૃતિ એની પાસે છે, પણ પ્રકૃતિનો 'એ' સ્વામી છે. મારી પાસે પાંચ લાખ રૂપિયા હોય તો એમાં પાંચેય ખર્ચું ને પચાસ હજારેય ખર્ચું. લાખેય ખર્ચું. હું એનો સ્વામી છું. એવી રીતે એ બધાંનો ઉપયોગ કરે છે. પ્રકૃતિનો પણ એ ઉપયોગ કરે છે પણ સભાનતાપૂર્વક, પણ એને આપણે કેવી રીતે સમજી શકીએ ? ભક્તિ જાગ્યા સિવાય એને નહિ સમજી શકીએ. હવે એવો માણસ તમને ચેતનનો પ્રકાશ એના જીવનનો પ્રકાશ ગમે તેટલો બતાવે, જશોદામાતાનો જો તમને દાખલો આપ્યો. જશોદામા તો જગદંબા જેવાં, પણ ભગવાન શ્રીકૃષ્ણ બાળપણમાં કેટકેટલા ખેલ, કેટકેટલી લીલા બતાવે છે—માતાજીને, પણ માતાજીને ભગવાન લાગતાં નથી. એ તો 'મારો કનૈયો, મારો કનૈયો' જ કહે છે. તેવી રીતે આપણે એમને ઓળખી શકીએ નહિ.

હવે આ કર્મનાં ફળની જે વાત છે, તે કર્મનું ફળ જેવી રીતે જેવા ભાવથી કર્મ કર્યું હોય એવા ભાવના સંસ્કાર પડે! ઉત્તમ પ્રકારનું કર્મ કર્યું. પુણ્ય કર્યું એ પુણ્ય કર્મ કરવાથી લક્ષ્મી મળે તે પણ વાત સાચી છે. લક્ષ્મી પુણ્યશાળીને મળે છે. એ વાત પણ સાચી છે, પણ ઉત્તમ પ્રકારનાં કર્મથી તે પ્રકારના સંસ્કાર આપણાં ચિત્તમાં પડે છે. એ સંસ્કાર

એ એનું પરિણામ છે. એ સંસ્કાર જ્યારે ઉદયવર્તમાન થાય ત્યારે તમને એ સંસ્કારની દિશામાં જ દોરવે એ લાભ. એ એનું ફળ, એ એનું પરિણામ.

**સ્વજન :** આપે 'સાધનામર્મ'માં 'ભાવાત્મક ભાવનું રટણ' એવું લખ્યું છે, તો એ શબ્દોનો અર્થ સમજાવશો ?

**શ્રીમોટા :** અલ્યા ભાઈ, અમારા આઈન્સ્ટાઈન થઈ ગયા. એણે 'Theory of Relativity' ખોળી, પણ એને સમજનારા તો આખી પૃથ્વીમાં પાંચસાત માણસ જ હશે સાહેબ. જો મારી વાત ખોટી હોય તો કોઈ સાયન્ટિસ્ટને જઈ પૂછી જોજો. આ પહેલાં એકડે એક ઘૂંટ, પછી આગળ જતાં જતાં બધું સમજાશે. મારા ગુરુમહારાજ તો ડંડો ઠોકે! આવા સવાલ પૂછનારને કહે કે, 'તું ભાઈ, જા આગળ. આગળ જતાં સમજણ પડશે.' અજાણ્યા ગામે જતાં હોઈએ, રસ્તો જોયો ન હોય તો હજાર ઠેકાણે પૂછતાં પૂછતાં જઈએ છીએ. તેવી રીતે આપણે ચાલ્યા કરીશું. સાચે રસ્તે જો ચાલવા માંડ્યા હશો, અને અનુભવવાને માટે ખરેખરી તીવ્રતમ ધગશ અને ઝંખના પ્રગટેલી હશે તો સમજણ પ્રગટ્યા સિવાય રહેવાની નથી.

**આ બધા ગૂઢ-સૂક્ષ્મ શબ્દો છે.** તે કદાચ મેં લખ્યું હશે—કોકને પત્રમાં નહિ લખ્યું હોય એમ નહિ. **ચેતનાનું ચિંતન એમ ને એમ નહિ થાય. તમને એની ગરજ જાગ્યા સિવાય તેમ જ જિજ્ઞાસા, સ્વાર્થ જાગ્યા સિવાય કોઈ દિવસ ચિંતન થવાનું નથી, ભાઈ, તમારા સંસારવહેવારનું થશે, પૈસાટકાનું થશે, ધન-દોલતનું થશે, સગાંવહાલાંનું થશે, આબરૂ-પ્રતિષ્ઠાનું થશે, પણ આ ભગવાનનું ચિંતન કરવું સહેલું નથી ભાઈ!**

એ તો જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના—જિજ્ઞાસા જ્યારે જાગે ત્યારે એ થાય. તે મને તો એવાં દર્શન કોઈનામાં થતાં નથી. **હજુ સુધી આ સંસારમાં થયાં નથી, ભાઈ.'** એ ચિંતવન ક્યારે થાય ? એ ચિંતવન જાગતાંજાગતાં એ ચિંતવન જ્યારે અખંડ થાય ત્યારે એમાંથી એ ભાવ જાગે છે, એ ભાવ જાગે છે ત્યારે એ ચિંતનની સાથે પેલો 'ભાવ' ભળે અને એ ભાવમાં જો ખરેખરી ગાઢતા પ્રગટે અને અખંડ

થાય ત્યારે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિમાં પ્રગટે છે. ત્યારે આપણા શરીરના આધારમાં ભગવાનનું એ નામ ભાવાત્મક બને છે. એવી કોટિએ જ્યારે ભાવ પહોંચે ત્યારે તો આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્‌ને એ સ્પર્શે છે. બીજા કોઈ સાધનને માટે આપણે લાયક નથી.

પહેલાં જે ભાઈએ સવાલ પૂછ્યો હતો—કુંડલિની માટે, એને માટે આપણે કોઈ લાયક નથી. બીજાં યોગનાં સાધનો માટે લાયક નથી. ભલે યોગના ગુણગાન ગવાતાં હોય. **યોગને માટે તો એટલી બધી શુદ્ધિ જોઈએ.** યોગના બીજા પ્રકાર છે. એને માટે આપણી હાલના આ સંસારના જીવોની ભૂમિકા નથી. યોગ્ય પ્રકારની ભૂમિકા નથી સાહેબ. સાચું કહું છું તો મને માફ કરશો. કોઈ ખોટું લગાડશો નહિ.

**એક જ લાયકાત છે આપણી—ભગવાનનું સ્મરણ કરવાની. એ આપણે કરી શકીએ છીએ. બીજા કોઈ પણ પ્રકારનો યોગ શુદ્ધિ વિના થઈ શકતો નથી. 'ભક્તિ'ને માટે આપણે લાયક છીએ. તે ભક્તિની શરૂઆત સ્મરણથી થઈ શકશે. સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મ-નિવેદન અને પરમાર્થ. જો તમારે ભગવાનને રસ્તે જવું હોય તો ત્યાગ અને પરમાર્થ બે આગળ કરો.** નહિ તો સાહેબ, વાત ખોટી. ભ્રમણામાં કદી ન રહેવું. ત્યારે આટલું આપણે કરી શકીએ સાહેબ, સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન. આટલું કંઈક જામે પછી તમે કંઈક ધ્યાન કરી શકો.

એક ભાવ જાગે અને એ ભાવથી કરીને તમે નિઃસ્પંદ દશામાં રહો. નીરવતા થાય, એ નીરવતા તમને પ્રાપ્ત થાય એટલા કાળ સુધી, પણ એમાં હું તો ભૂલી જાઉં છું કે તમે પા કલાક બેઠા અને ધારો કે તમને સંકલ્પવિકલ્પ વગરની સ્થિતિ થઈ, અને એ ધ્યાન કરીને ચોવીસ કલાકમાં પા કલાક ગયો, બાકીના કલાક તો આ તમારા સંસારવહેવારમાં તમે દોડો છો. એવા ધ્યાનથી તમારી પ્રગતિ નહિ થાય. પણ એ જે ધ્યાન તમને થયું. એમાં જે તમારી અલિપ્તતાનો તમે જે અનુભવ કર્યો એ અનુભવ તમે રોજબરોજના જીવનનાં કર્મવહેવારમાં

ઉપયોગ કરતા જાવ. એટલે એમાંથી નોખા પડતા જાવ, તો એક ભૂમિકા પ્રાપ્ત થશે. તટસ્થતા જાગશે. ભગવાનના સ્મરણની એ મોટામાં મોટી ખૂબી છે. અનુભવ કરીને તમને કહું છું, એમ ને એમ નહિ કે ભગવાનનું સ્મરણ લાંબો ગાળો જ્યારે ચાલે છે, ત્યારે એની અસર થયા વિના રહેતી નથી.

આ શ્વાસોશ્વાસ અખંડ છે, પણ એની સભાનતા આપણને નથી, પણ **ભગવાનના સ્મરણની ખૂબી છે કે એની સભાનતા આવી એટલે તટસ્થતા જાગી. એટલે તમે તે કરશો તો વિખૂટા પડશો. એટલે કર્મના બંધનથી તમે બચતા જશો,** પણ એ કેટલા પ્રકારનું કેટલા કલાક સુધી સ્મરણ અને કેવી ભાવનાવાળું કરીને તમે લઈ જાવ છો એના પર મોટો આધાર છે. એટલે આપણે જો કાંઈ કરવું હોય, ભગવાનના માર્ગ પર જવું જ હોય તો પાકો મરણિયો નિર્ધાર જો તમારો હોય તો દિવસમાં વધારે ને વધારે ગાળો લઈ જાવ. **સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન અને એમાંય જો તમે ગુરુ કર્યા હોય તો એને સન્મુખ ધરો, સન્મુખ રાખો. એને જે તે બધું કહ્યા કરો. એની નિકટતા રાખો, એને તમારા દિલમાં ઉતારો, મનમાં ઉતારો, બુદ્ધિમાં ઉતારો, પ્રાણમાં ઉતારો, પ્રત્યેક કર્મ કરતી વખતે એને જીવતો કરો તો ઘણો વેગ મળશે.** વિકાસ થશે અને એને માટે આપણી ભૂમિકા તૈયાર છે. તૈયાર કરી શકીએ. ભગવાનનું સ્મરણ પાપીમાં પાપી પણ કરી શકે છે.

આ આસનો-બાસનો કરો છો એને તમે યોગ કહેતા હોવ તો, હું કહેતો નથી. એ તો ઉત્તમ પ્રકારની કસરત છે. શરીરના આપણા સ્નાયુઓને, જ્ઞાનતંતુઓને, આપણી નસોને આ આસનોથી ફાયદો થાય છે, તે બીજી કોઈ કસરતથી નહિ થાય. એ મોટામાં મોટું, ઉત્તમમાં ઉત્તમ કર્મ છે. એ વાત સાચી પણ એને યોગ નહિ કહી શકાય! પણ એવાં આસનો લાંબા ગાળા સુધી, પાંચ-પચીસ વર્ષ સુધી માણસ કરતો થાય, તો કદાચ ભૂમિકા એની પાકે ખરી.

એટલે આ કાળમાં આપણે જો કરી શકીએ એમ હોય તો આ જ કરી શકીએ એમ છીએ. સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન.

ગુરુ કર્યા હોય તો એને 'સન્મુખ' રાખો. એની ગરજ જગાડો, અને એમાંથી પછી 'ભાવ' જાગે ત્યારે ધ્યાન કરવાનું કરો, પણ તે પણ કાળ અને સ્થળ બન્ને નિશ્ચિત અને નિયમિત જોઈએ. તમારી મરજી પ્રમાણે કરો તો નહિ ચાલે. કાળ અને સ્થળ બન્ને નિશ્ચિત અને નિયમિત જોઈએ. સૂર્ય અને પૃથ્વી કદી ચૂકે છે ? કાળ ચૂકે છે ? સાહેબ, જોઈ લો. આ બધી સૂર્યમાળામાં ને બ્રહ્માંડમાં એક લય છે. કાળની એક રીધમ છે! એની સાથે આપણે આપણો લય મિલાવવો પડશે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમેરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો! તુજ નામ પ્રિય હૈયે વસો.... ૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની.... ૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા.... ૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કને જ્યમ કાચ, એવો હું સાવ નાદાન છું..... ૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ — શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજબ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

— શ્રીમોટા

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

| | | |
|---|---|---|
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

૮. ચિદાકાશ ૨૦૦૦
૯. પ્રાર્થના પોથી ૨૦૧૦
૧૦. શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ ૨૦૧૪
૧૧. શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ ૨૦૧૬
૧૨. શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) ૨૦૧૮
૧૩. બધું આપણામાં જ છે ૨૦૧૮
૧૪. સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા ૨૦૧૮


●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

તમે લાયકાત કેળવ્યા સિવાય, આ ભગવાનને માર્ગે કંઈ કશાની ઈચ્છા કરશો નહિ, ભાઈ કંઈ કશું તમારે પામવું હોય તો જાતે મહેનત કરો, સાહેબ, અને અમે કહીએ છીએ કે ગુરુ કોઈ જડવા સહેલ નથી. ભાઈ, આપણી યોગ્યતા પ્રાપ્ત થશે તો આપમેળે આવશે, સાહેબ. એ ગુરુ આવ્યા વગર નહિ રહે. તદ્દન સાચી વાત છે.

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૧૩-૧૪', ત્રીજી આ., પૃ. ૫૮*

કિંમત : રૂ. ૧૦/-